Registration of News Paper No. GUJGUJ/2015/65432
Pages: 8 Price : Rs. 3/- Annual Subscription : Rs. 800/-
Posting Licence No. RAJKOT / 678 / 2021-23 VALID UP TO 31-12-2023
posted at rajkot-RMS published & posting dt.-daily (evening)
Web: www.saurashtrakranti.com Email ; saurashtrakranti@gmail.com




અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી
# સૌરાષ્ટ્ર ક્રાંતી
સાંધ્ય દૈનિક
Year: 6, Issue:207 Dt.14-06-2021 (Monday)
તંત્રી, પ્રકાશક, મુદ્રક અને માલિક : ગઢવી અશોક મુળુભા, પ્રકાશન સ્થાન: 125, સ્ટાર ચેમ્બર, હરિહર ચોક, પંચનાથ પ્લોટ, રાજકોટ–360001

# ગુજરાતમાં ભાજપ અને કોંગ્રેસ એક જ છે : કેજરીવાલ







**ભાવુક બનેલા ઈશુદાન ગઢવીએ કહ્યું ગુજરાતનો ઈતિહાસ બદલાય છે**

## દિલ્હીના મુખ્યમંત્રી અને 'આપ'ના વડાનું અમદાવાદમાં ભવ્ય સ્વાગત, પક્ષમાં ભારે ઉત્સાહ 'આપ'ના વડા મથકનું કેજરીવાલના હસ્તે ઉદઘાટન, રાજયમાં વિધાનસભાની ચૂંટણીઓ માટેની તૈયારી રૂપ મુલાકાત ગણાવતા નિરિક્ષકો

## રાજયની ખરાબ હાલત માટે ભાજપ અને કોંગ્રેસ પર ચાબખા મારતા મુખ્યમંત્રી, પ્રખ્ખર પત્રકાર અને સામાજીક કાર્યકર ઈશુદાન ગઢવી 'આપ'માં જોડાયા, વલ્લભ સદન હવેલી મંદિરમાં કેજરીવાલે પત્રકારોને સંબોધન કર્યુ

(એજન્સી સમાચાર)

અમદાવાદ, તા.૧૪

વિધાન સભાની ચૂંટણીઓની પૂર્વ તૈયારી રૂપે અને સંગઠન વ્યાપક તથા મજબુત બનાવવાના આશયથી આજે દિલ્હીના મુખ્યમંત્રી અને આમ આદમી પાર્ટીના સર્વેસર્વા અરવિંદ કેજરીવાલ આજે ગુજરાતના એક દિવસના મહેમાન બન્યા હતા. અરવિંદ કેજરીવાલે ગુજરાતની અવદશા માટે ભાજપ અને કોંગ્રેસને જવાબદાર ઠરાવી ભારે ચાબખા માર્યા હતા અને એવી તીખી ટકોર કરી હતી કે, ગુજરાતમાં ભાજપ અને કોંગ્રેસ એક જ છે.

અરવિંદ કેજરીવાલ આજે સવારે અમદાવાદ એરપોર્ટ આવી પહોંચ્યા ત્યારે 'આપ'ના પ્રદેશ પ્રમુખ ગોપાલ ઇટાલીયા સહિતના આગેવાનોએ કેજરીવાલનું ભવ્ય સ્વાગત કર્યુ હતું. અહીંથી કેજરીવાલ 'આપ'ના કાર્યકરોની જંગી હાજરી અને ઢોલ નગારાના નાદ વચ્ચે સર્કીટ હાઉસ પહોંચ્યા હતા. ત્યાં પણ 'આપ'ના કાર્યકરોએ એમનું શાનદાર સ્વાગત કર્યુ હતું. ત્યાર બાદ મુખ્યમંત્રી થોડો સમય વલ્લભ સદન હવેલી મંદિર રોકાયા હતા અને ત્યાં પત્રકાર પરીષદ પણ સંબોધી હતી. ત્યાર બાદ નવરંગ પુરા ખાતે પક્ષના વડામથકનું ઉદઘાટન કર્યુ હતું. આમ આદમી પાર્ટીનું નવું પ્રદેશ કાર્યાલય છે.

પત્રકારો સાથે વાતચીત કરતા કેજરીવાલે એવો સ્પષ્ટ આક્ષેપ કર્યો હતો કે, ગુજરાતની ખરાબ હાલત પાછળ કોંગ્રેસ અને ભાજપનું કારસ્તાન છે. ભાજપને જરૂર પડી ત્યારે કોંગ્રેસે માલ સપ્લાય કર્યો છે. ૨૭ વર્ષથી બન્ને પાર્ટી વચ્ચે મિત્રતા છે, કોંગ્રેસ અત્યારે ભાજપના ખીસ્સામાં છે. ગુજરાતમાં ખેડૂતો આત્મહત્યા કરી રહયા છે. સરકારી સ્કુલો ખરાબ હાલતમાં છે. વેપારીઓ ડરના માહોલમાં જીવી

(અનુ.પાના નં.૪ ઉપર)


### ઈશુદાન ગઢવીએ મોટો ત્યાગ કર્યો છેઃ કેજરીવાલ

અમદાવાદ : આજે આપના સર્વે સર્વા વાળા અરવિંદ કેજરીવાલ વીટી.વી ગુજરાતી ચેનલનાં પૂર્વ હેડ ઈશુદાન ગઢવી આપ માં જોડાયા ત્યારે કેજરીવાલે ભવ્ય સ્વાગત કર્યું હતું. ઈશુદાનને આવકારતા કેજરીવાલે જણાવ્યું હતું કે, ઈશુદાન ગઢવી એમની કારકિર્દીની ચિંતા કર્યા વિના આપ માં જોડાયા છે. એમણે મોટો ત્યાગ કર્યો છે.

# અદાણી ગ્રુપનાં ખાતા સ્થગિત કરાતા કંપનીનાં શેરોમાં કડાકો

## નેશનલ સિક્યુરિટીઝ ડીપોઝીટલી કંપની સામે કડક કાર્યવાહી

## અદાણી ત્રણ કંપનીનાં ખાતા સીલ, શેર બજારમાં પણ અફરાતફરી



(એજન્સી સમાચાર)

મુંબઈ, તા.૧૪

વિખ્યાત અદાણી કંપનીની પેટા કંપનીઓનાં ત્રણ ખાતા સીલ કરી દેવામાં આવતા અદાણી ગ્રુપનાં શેરોમાં આજે ભારે કડાકો બોલી ગયો હતો. અદાણી ગ્રુપની ચાર કંપનીમાં રૂ. ૪૩,૫૦૦ નાં શેર ધરાવતી ત્રણ પેટા કંપનીનાં વિદેશી પોર્ટફોલીયો ખાતા એન.એસ.ડી.એલ દ્વારા આજે સ્થગિત કરી દેવામાં આવ્યા હતા. આ શેર અદાણી ગ્રીનએનર્જી, અદાણી ટ્રાન્સમિશન અને અદાણી ટોટલ ગેસ કંપનીનાં છે. આ શેર ધરાવનાર એલ્બ્યુંલા ઇન્વેસ્ટમેન્ટ ફંડ, ક્રેસ્ટા ફંડ અને એ.પી.એમ.એસ ઇન્વેસ્ટમેન્ટ ફંડ હવે આમાંથી કોઈ શેર વહેચી શકશે નહી અથવા નવા ખરીદી શકશે નહીં.

ઇકોનોમિક ટાઈમ્સનો અહેવાલ જણાવે છે કે, ખાતા શું કામ સીલ કરવામાં આવ્યા તેનું કારણ હજુ જાહેર કરવામાં આવ્યું નથી. પરંતુ આ વાર પગલાને કારણે અદાણી ગ્રુપનાં શેરોમાં આજે કડાકો બોલી ગયો હતો. જેના ખાતા સીલ કરાયા છે એ ત્રણેય કંપનીના શેર લોઅર સર્કીટ પર પહોંચી ગયા હતા. અદાણી એન્ટરપ્રાઈઝ નાં શેરોમાં ૨૦ ટકાનો ઘટાડો નોંધાયો હતો. અદાણી ગ્રુપનાં શેરની સોદાબાજી અંગે અને ભાવ સપાટીનાં મામલે સેબી દ્વારા પણ તપાસ કરવામાં આવી છે.

**આમદની અઠન્ની, ખર્ચા રૂપૈયા!**

# ૪૦ હજાર કરોડનું દેવાદાર તેંલગણા સરકાર, અધિકારીઓ માટે ૩૨ મોંધી કારની ખરીદી કરી

(એજન્સી સમાચાર)

હૈદરાબાદ, તા.૧૪

તેલંગણાની સરકાર અત્યારે દેવાના ડુંગર હેઠળ દબાયેલી છે. વિરોધ પક્ષોએ એવો આક્ષેપ કર્યો છે કે, રૂ.૪૦ હજાર કરોડનો કરજનો બોજો વેંઢારી રહેલા તેંલગણા રાજયની સરકાર તેના અધિકારીઓ માટે ૩૨ મોંધીદાટ કારની ખરીદી કરી છે. વિપક્ષી નેતાઓએ જણાવ્યું હતું કે, ૩૨ જેટલા અધિક જિલ્લા કલેકટર માટે મુખ્યમંત્રી કે.ચંદ્રશેખર રાવના આદેશથી ૩૨ કાર ખરીદવામાં આવી છે. કીયાકાનીવલ કારની કિંમત રૂ.૨૫ થી ૩૦ જેટલી થાય છે. કોરોના કાળમાં આવો જંગી ખર્ચ કરવામાં આવ્યો છે.

ગઇકાલે મુખ્યમંત્રી રાવે તમામ કારને લીલી ઝંડી આપી હતી. આ પ્રસંગે ઉચ્ચ અધિકારીઓ હાજર રહયા હતા. ભાજપે આટલી મોંધી ૩૨ કારની ખરીદીની પ્રક્રિયાને નાણાનો ગુનાહિત વેડફાટ ગણાવી આક્ષેપ કર્યો હતો કે, અમલદારોને રાજી રાખવા માટે આવી આલીશાન કાર ખરીદવામાં આવી છે. કોરોનાના કાળમાં રૂ. ૧૧ કરોડનો ખર્ચ કઇ રીતે વ્યાજબી ગણાવી શકાય? મુખ્યમંત્રી પ્રજાના નાણાનો બેફામ ઉપયોગ કરે છે. ગરીબ લોકો કોવિડ હોસ્પિટલોમાં કોરોનાને કારણે મરી રહયા છે. ત્યારે આવો બાદશાહી ખર્ચ કરવો એ ખુબ જ ભયાનક છે અને વિચારી પણ શકાય નહીં.

કોંગ્રેસે એવો આક્ષેપ કર્યો હતો કે, સમૃધ્ધ તેંલગણા રાજયને મુખ્યમંત્રી કેસીઆરએ દેવાદાર રાજય બનાવી દીધુ છે. ૪૦ હજાર કરોડનો ખર્ચો થઇ ગયો છે. છતાં આવા ખર્ચ કરવામાં આવી રહયા છે. સરકારી દવાખાનાઓમાં વધારાના બેડ મુકવાની કે જાહેર પરીવહનની વધુ બસો મુકવાની કામગીરીને બદલે અધિકારીઓ માટે મોંધી મોટરો ખરીદવામાં આવી રહી છે.

# દેશમાં નવા ૭૦ હજારથી વધુ કોરોના કેસ, ૩૯૨૧નાં મોત

## દિલ્હી, હરીયાણા અને તામિલનાડુંમાં વધુ છુટછાટો જાહેર થઇ, મહારાષ્ટ્રમાં અને બિહારમાં ગત સપ્તાહ સૌથી વધુ મૃત્યુ નોંધાયા

(એજન્સી સમાચાર)

નવી દિલ્હી, તા.૧૪

દેશમાં કોરોનાના કેસો ઘટવાની પ્રક્રિયા ધીમી છે પરંતુ યથાવત રહી છે. છેલ્લા ૨૪ કલાક દરમ્યાન નવા ૭૦૪૨૧ કેસો નોંધાયા હતા અને વધુ ૩૯૨૧ દર્દીઓના મૃત્યુ થયાનું નોંધાયું હતું. દિલ્હી, હરીયાણા અને તામિલનાડુંમાં થોડી વધુ છુટછાટો આપવામાં આવી છે. ગત સપ્તાહ દરમ્યાન મહારાષ્ટ્ર અને બિહારમાં સૌથી વધુ મૃત્યુ થયાનું નોંધાયું છે. કોરોનાથી થયેલા મૃત્યુનો કુલ આંક

(અનુ.પાના નં.૪ ઉપર)

# હે રામ! અયોધ્યામાં મંદિર માટે જમીન ખરીદીમાં કૌભાંડ??

## આસ્થાનો સવાલ હોવાથી સીબીઆઇ અને ઇડીને તપાસ સોંપવા 'સપા' તથા 'આપ'ની માંગણી, ખરીદીમાં મોટા પાયે ગેરરીતીઓનો આક્ષેપ નકારી કાઢતું રામ મંદિર નિર્માણ ટ્રસ્ટ, અયોધ્યાથી નવી દિલ્હી સુધી ઘેરા પડઘા, મંદિર નિર્માણ સમિતિનાં વડાની મુલાકાત સમયે ધડાકો

(એજન્સી સમાચાર)

લખનવ, તા.૧૪

અયોધ્યામાં રામ મંદિર નિર્માણ માટે જમીનના એક સોદામાં મોટા પાયે ગેરરીતીઓ આચરવામાં આવી હોવાની અને રામ મંદિર ટ્રસ્ટ દ્વારા કૌભાંડ આચરવામાં આવ્યું હોવાની ગંભીર ફરીયાદ ઉઠી રહી છે. સમાજવાદી પાર્ટી અને આમ આદમી પાર્ટીએ એવો ચોંકાવનારો આક્ષેપ કર્યો હતો કે, અયોધ્યામાં રામ મંદિર નિર્માણના નામે એક જમીનની ખરીદીમાં ટ્રસ્ટ દ્વારા મોટા પાયે કૌભાંડ આચરવામાં આવ્યાનું બહાર આવ્યું છે. આ મામલો ધાર્મિક આસ્થાનો હોવાથી સીબીઆઇ અને ઇડીને તપાસ સોંપવા બન્ને રાજકીય પક્ષોએ જોરદાર માંગણી કરી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે, રવિવારે રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટની મંદિર નિર્માણ સમિતિના વડા તથા વડાપ્રધાનના ભુતપૂર્વ અગ્રસચિવ નૃપેન્દ્ર મિશ્રાએ અયોધ્યામાં મંદિરના ટ્રસ્ટીઓ અને નિષ્ણાંતો સાથે બેઠક યોજી હતી અને મંદિર નિર્માણની પ્રગતિ અંગે જાણકારી મેળવી હતી. બરાબર એ સમયે જ લખનવમાં પત્રકારો સમક્ષ વાતચીત કરતા 'આપ'નાં યુપી ખાતેના સાંસદ અને ઇન્ચાર્જ સંજયસિંઘે એવો ધડાકો કર્યો હતો કે, અયોધ્યામાં રામ મંદિરના નામે જમીનનો એક ટુંકડો ખરીદ કરવામાં આવ્યો હતો. જેની કિંમત રૂ.૫.૮૦ કરોડ થતી હતી. સુલતાન અનસારી અને રવિમોહન તિવારીએ આ જમીન કુશુમ પાઠક અને હરીશ પાઠક પાસેથી રૂ.૨ કરોડમાં ખરીદી હતી. દસ્તાવેજ પર સાક્ષી તરીકે રામ જન્મભૂમિ ટ્રસ્ટના સભ્યો અનિલ મિશ્રા અને ખુદ અયોધ્યાના મેયર ઋષીકેશ ઉપાધ્યાયની સહી હતી. હવે જે ઘટના ક્રમ બને છે એ આશ્ચર્ય જનક છે. આ સોદો થયાની ૫ મીનીટ બાદ જ રામ જન્મ ટ્રસ્ટ અને ચંપતરાય દ્વારા અનસારી તથા તિવારી પાસેથી રૂ.૧૮.૫ કરોડમાં જમીનની ખરીદી કરવામાં આવે છે. આરટીજીએસ મારફત રૂ.૧૭ કરોડ જેવી રકમ ટ્રાન્સફર પણ કરી દેવામાં આવેછે. આ બધુ ૧૮મી માર્ચે ગણતરીની મીનીટોમાં બની જાય છે.



'આપ'ના સાંસદ સંજયસિંઘે દાવો કર્યો હતો કે, સોદો થયો એ દિવસે સાંજે ૫ને ૧૧ મિનિટે પ્રથમ સોદાનાં સ્ટેમ્પ પેપર ખરીદવામાં આવ્યા હતા અને એ પછી તુરત ૫ અને ૨૨ વાગ્યે બીજા સોદા માટેના સ્ટેમ્પ ખરીદવામાં આવ્યા હતા. આ ગેરરીતીની તાત્કાલીક તપાસ થવી જોઇએ એવું કહેતા સિંઘે જણાવ્યું હતું કે, કરોડો લોકોની આસ્થાનો સવાલ હોવાથી સીબીઆઇ અથવા ઇડીને તપાસ સોંપવી જોઇએ.

બીજી તરફ સમાજવાદી પાર્ટીના અગ્રણી પવન પાંડેએ યોજેલી

(અનુ.પાના નં.૪ ઉપર)







માર્કેટીંગ માટે છોકરા તેમજ છોકરી જોઇએ છે
મો.૯૪૦૯૭ ૫૭૦૬૨

અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી
સૌરાષ્ટ્ર ક્રાંતી
સાંધ્ય દૈનિક



સૌરાષ્ટ્ર ક્રાંતી છેલ્લા છ વર્ષથી આપને અવનવા સમાચારોથી અપડેટ રાખે છે. નિષ્પક્ષ પત્રકારત્વની અલગ ઓળખ ઉભી કરવા કાયમ પ્રયત્નશીલ છે અમારા દ્વારા ડિજીટલ માધ્યમથી આપને સમાચારપત્ર પહોંચાડવામાં આવે છે. એક દિવસના એક રૂપિયાના અનુદાન દ્વારા આપ નિષ્પક્ષ પત્રકારત્વને જીવંત રાખી દેશની ચોથી જાગીર ને મજબુત બનાવવા નિમીત બનશો નીચે આપેલ લીંક પર ક્લીક કરીને સબસ્ક્રાઈબ કરો
http://www.saurashtrakranti.com/subscribe/

સૌરાષ્ટ્ર તેમજ દક્ષીણ ગુજરાતનાં સમાચારો મેળવવા માટે આજે જ તમારા મોબાઈલમાં અમારી Sk News એપ્લિકેશન ઈન્સ્ટોલ કરો.. તેમજ સૌરાષ્ટ્ર ક્રાંતી ન્યૂઝ પેપરની વેબસાઈટ પર જઈને પણ ન્યૂઝ મેળવી શકો છો.

GET IT ON Google Play

SK NEWS

સૌરાષ્ટ્ર ક્રાંતી NEWS

www.saurashtrakranti.com

સૌરાષ્ટ્ર ક્રાંતી

WhatsApp કરો

તમારા ન્યુઝને

'સૌરાષ્ટ્ર ક્રાંતિ'માં જર્નલિસ્ટ બની તમે પણ ગર્વ અનુભવો

તમારી આસપાસ બનતી કોઇ પણ ઘટના,સમાચાર,સમસ્યા કે તસ્વીરોને અમારા સુધી પહોંચાડો.

કોઇપણ ઘટના કે સમાચારની વિગત

93276 28571 ઉપર Whats App કરો

email: saurashtrakranti@gmail.com

web: www.saurashtrakranti.com

# મોભો એ જ, માધ્યમ નવું

યુ ટ્યુબના માધ્યમથી સૌરાષ્ટ્ર ક્રાંતી આપશે આપની સમસ્યાને વાચા




આજે જ સૌરાષ્ટ્ર ક્રાંતીની યુ ટ્યુબ ચેનલને સબસ્ક્રાઈબ કરો અને સમાચાર મેળવો

SUBSCRIBE TO OUR CHANNEL

SAURASHTRA KRANTI

@saurashtrakranti/ saurashtrakrant

SAURASHTRAKRANTI SAURASHTRAKRANTI

Web: www.saurashtrakranti.com

અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી

સૌરાષ્ટ્ર ક્રાંતી

સાંધ્ય દૈનિક

# ક્લાસિફાઇડ

પ્રોપર્ટી, લગ્ન, નોકરી, શૌક્ષણીક, ઔષધ,યાત્રાપ્રવાસ, ધંધાદારી, વ્યવસાયલક્ષી, વાહનબજાર

જાહેરાત માટે સંપર્ક કરો:

90333 44426




આ પેજ પર આપની જાહેરાત નજીવા દરે આપવા માટે

94097 57062 પર ફોન કરો અથવા મેસેજ કરો.

# વોર્ડનં. 9 કચરો...કચરો...કચરો

**કોર્પોરેટરોઃ**
દક્ષાબેન વસાણી
આશાબેન ઉપાધ્યાય
પુષ્કરભાઈ પટેલ
જીતુભાઈ કાટોડિયા







અહેવાલઃ પરાગ જાટીયા
તસવીરઃ દિલીપ ગોહેલ

## લોકોની પણ ફરજ બને છે કે તંત્રને સહકાર આપે અને ટીપ્પરવાનનો ઉપયોગ કરવામાં આવેઃ કોર્પોરેટરો

## ગંદકી અને કચરાને કારણે રોગચાળો ફેલાય કે મચ્છર જન્યરોગ થાય તેવી ભીતિ લત્તાવાસીઓમાં સેવાઈ

### લોકો વધુ ટિપરવાનનો ઉપયોગ કરે તો આ પ્રશ્ન નહીં રહેઃ એસ.આઈ.મનોજ વાઘેલા

રાજકોટઃ વોર્ડનાં સેનેટરી ઈન્સ્પેકટર મનોજભાઈ સાથે વાત કરતા તેઓએ જણાવ્યું હતું કે, અમારા દ્વારા દરરોજ કચરાનાં ઢગલા ઉપાડી લેવામાં આવે જ છે અને વોર્ડનાં અમૂક લોકોમાં જાગૃતતાનો અભાવ જોવા મળે છે. તેથી ટીપરવાનમાં કચરો નાખવાને બદલે બહાર નાખી દેવાય છે. જો અમે માણસ ઉભો રાખીએ ત્યાં સુધી કચરો નહીં ફેંકે જેવો અમારો માણસ વયો જાય તો તરત જ કચરા નાખી જાય છે.

### જે ફરિયાદો મળી હતી તેનો નિકાલ પણ કરાવી દીધો છેઃ દક્ષાબેન વસાણી



રાજકોટઃ વોર્ડનાં કોર્પોરેટરનો સંપર્ક કરતા તેઓને કચરાનાં ઢગલા વિશે પ્રશ્ન પૂછતાં તેઓએ જણાવ્યું હતું કે મારા સુધી અમુક વિસ્તારોમાંથી ફરીયાદો મળી હતી. તે બધીનો નિકાલ કરી દેવામાં આવ્યો છે. આ સિવાય બીજી કોઈ ફરિયાદ મળી નથી છતાં પણ જોવડાવીને નિકાલ કરાવીશું.

મો.૯૮૨૪૨ ૦૧૨૩૪


### અમારા વોર્ડમાં ફરિયાદો ખૂબ જ ઓછી હોય છેઃ આશાબેન ઉપાધ્યાય



રાજકોટઃ વોર્ડના કોર્પોરેટર આશાબેનનો સંપર્ક કરતા તેઓએ જણાવ્યું હતું કે, અમારા વોર્ડમાં ખાસ ફરિયાદ હોતી નથી. જો ફરિયાદ અમને મળે તો તાત્કાલિક ધોરણે તેનો નિકાલ કરાવીએ છીએ અને આ મામલે જોવડાવીને તાત્કાલિક ધોરણે નિકાલ કરાવીશું.

મો. ૯૮૭૯૫ ૨૯૨૨૨


### રેગ્યુલર કચરાના ઢગલા ઉપાડી લેવામાં આવે છેઃ પુષ્કર પટેલ



રાજકોટઃ વોર્ડનાં કોર્પોરેટર અને સ્ટેન્ડીગ ચેરમેન પુષ્કર પટેલનો સંપર્ક કરતા તેઓએ જણાવ્યું હતું કે કચરાના ઢગલા વ્યવસ્થિત દરરોજ ઉપાડી લેવામાં આવે જ છે. જો કોઈ કામદાર રજા ઉપર હોય અને રહી ગયા ગયા હોય તેવું બની શકે. અમારા દ્વારા સતત અપડેટ પણ રાખવામાં આવે જ છે. જો ક્યાં રહી ગયા હશે તો અધિકારીઓને સુચના આપી જોવડાવી લઈએ છીએ અને લોકો વધુમાં વધુ ટીપરવાનનો ઉપયોગ કરે તેવી અપીલ પણ કરીએ છીએ.

મો. ૯૮૭૯૩ ૭૭૭૭૭

### અમારા વોર્ડમાં કચરાની ફરિયાદો હોતી જ નથીઃ જીતુભાઇ કાટોડિયા



રાજકોટઃ વોર્ડનાં કોર્પોરેટરનો સંપર્ક કરતા તેઓએ જણાવ્યું હતું કે અમારા વોર્ડમાં કચરાની ફરિયાદો બહુ ઓછા પ્રમાણમાં આવે છે. અમારી ટીમો દ્વારા દરરોજ કચરાનાં ઢગલા ઉપાડી લેવામાં આવે જ છે. છતાં પણ જો ક્યાંય રહી ગયા હોય તો અધિકારીઓનું ધ્યાન દોરીને જોવડાવીએ છીએ.

મો. ૯૯૨૫૭ ૦૪૫૪૫

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ,તા.૧૪

રાજકોટ એક તરફ સ્માર્ટ સિટી બની રહ્યું છે ત્યારે રાજકોટમાં ઠેર ઠેર ગંદકીના ઢગ જોવા મળી રહ્યા છે. રાજકોટના પોશ વિસ્તારોમાં ગંદકીનું સામ્રાજ્ય જોવા મળી રહ્યું છે. ત્યારે હવે આ ગંદકી અને કચરાના ઢગલાં રંગીલા રાજકોટની ઓળખ માથે કાળા ટીલા સમાન છે. તે આ ગંદકીનો સત્વરે નિકાલ કરવામાં નહીં આવે તો રાજકોટના લોકો રોગચાળાની ઝપટેમાં આવી જશે. તેવી દહેશત સેવાઈ રહી છે. આ ગંદકી કચરાના ઢગલાં સ્વચ્છતા અભિયાનની સરા જાહેર પોલ ખોલી રહ્યું છે. અતિશય દુર્ગંધ મારતા આ કચરાને કારણે આસપાસનાં વિસ્તારનાં લોકો ત્રાહીમામ પોકારી રહ્યા છે. ગંદકી અને કચરાને કારણે રોગચાળો ફેલાય કે મચ્છર જન્યરોગ થાય તેવી ભીતિ લત્તાવાસીઓમાં સેવાઈ રહી છે. રાજકોટ શહેર સતત વિકસતું જતું અને સૌરાષ્ટ્રનું મનાતું પાટનગર છે. રાજકોટ મહાપાલિકા સ્વચ્છતા રેન્કીંગ માટે મોટા ઉપાડે ચોકકસ વિસ્તારોને જ સાફ સુથરા રાખવા મથે છે.

મ.ન.પા. સ્વચ્છતા રેન્કીંગમાં નંબર લેવા મોટા ઉપાડે સ્વચ્છતા ઝુંબેશ કરે છે પણ અનેક વિસ્તારમાં ગંદકી-ફાટેલા રસ્તા પર ધ્યાન આપતી નથી. પ્રસ્તુત તસ્વીરોમાંથી એવું ફલિત થાય છે કે, રાજકોટ મહાપાલિકા કરતા મોટાભાગની સુધરાઇ હોય તેવું લાગે છે. શહેરને સ્વચ્છતાની યાદીમાં આગળ મુકવાની લ્હાયમાં મહાનગરપાલિકાના સતાધીશો દ્વારા લાગ્યું એટલું જોર લગાડી દેવાયું હતું, વિસ્તારમાં પણ છેલ્લા કેટલાક દિવસોથી અસહ્ય ગંદકીના સામ્રાજ્યથી રહિશો ત્રસ્ત બની જવા પામ્યા છે. સ્વચ્છતા વિશે વાત કરીએ તો શહેરના લગભગ મોટા ભાગના તમામ વિસ્તારોમાં નજર નાખવામાં આવે તો કાંઈ વધારે પ્રમાણમાં હરખાવા જેવું નથી !... કાગડા બધે જ કાળા હોય કહેવત અનુસાર જયાં નજર નાંખો ત્યાં ગંદકી, કચરો નજરે ચડયા વિના રહેતાં જ નથી. ત્યારે શહેરના જાગૃત નાગરિકો તો એવું પણ કહી રહ્યા છે કે, સત્તાધીશો અને તંત્ર દ્વારા સ્વચ્છ રાજકોટના ગવાતા ગીતોમાં ખરેખર સ્વચ્છતા કેટલી છે ? તે કોઈ કહી શકશે ખરા ? માથે ચોમાસાના દિવસો છે ત્યારે ગંદકી, મચ્છરોનો ઉપદ્રવ અને કચરાના ઢગલાથી રોગચાળો ફેલાવાની પુરેપુરી સંભાવના છે. વોર્ડ નં.૯માં ઘણી બધી જગ્યાએ કચરાના ઢગલા જોવા મળે છે. ચોમાસું માથે છે વરસાદથી રોગચાળો ફાટી નીકળવાની ભીતી છે. તમામ કોર્પોરેટરનો સંપર્ક કરતા તેઓએ જણાવ્યું કે, હા અમે હમણાં અધિકારીઓને સુચના આપીને કચરાના ઢગલા ઉપડાવી લેશું ઉપરાંત કોર્પોરેટરનું એવુ પણ કહેવું છે કે અમારા વોર્ડમાં કચરાની ફરિયાદો બહુ ઓછા પ્રમાણમાં આવે છે. અમારી ટીમો દ્વારા દરરોજ કચરાનાં ઢગલા ઉપાડી લેવામાં આવે જ છે. છતાં પણ જો ક્યાંય રહી ગયા હોય તો અધિકારીઓનું ધ્યાન દોરીને જોવડાવીએ છીએ. લોકો નિયમોનું પાલન કરે અને વધુમાં વધુ ટીપરવાનનો ઉપયોગ કરે. તેથી લોકોની પણ ફરજ બને છે કે તંત્રને સહકાર આપે અને ટીપ્પરવાનનો ઉપયોગ કરવામાં આવે. હજુ તો આ એક વોર્ડની દશા જોઇ આગામી દિવસોમાં તમામ વોર્ડની પરિસ્થિતને આપની સામે લાવવા પ્રયાસ કરીશું.

**રાજકોટ મહાનગરમાં ચૂંટણીઓ બાદ નવી બોડીનાં આગમન બાદ શહેરનાં જુના કાયમી પ્રાણ પ્રશ્નોની સ્થિતિ બદલી છે કે કેમ તે માટે સૌરાષ્ટ્ર ક્રાંતી દ્વારા એક ટોર્ચ લાઈટ ઝુંબેશ શરૂ કરવામાં આવી છે. જેનો હેતુ કોઈ શાબ્દીક ટપાટપીનો નથી બલ્કે વિકાસ માટે પ્રજા અને તંત્ર વચ્ચે સેતુ બનવાનો છે.**

## રાજકોટ જિલ્લા પંચાયતની બાંધકામ સમિતિની બેઠકમાં રૂ. ૫૫.૨૧ લાખના પંચાયત, આંગણવાડીના કામો મંજુર



**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ, તા.૧૪

રાજકોટ જિલ્લા પંચાયતમાં બાંધકામ સમિતિની બેઠક આજે અધ્યક્ષ પી.જી.કિયાડાના અધ્યક્ષ સ્થાને, પ્રમુખ ભુપત બોદરના માર્ગદર્શન હેઠળ યોજાઈ હતી.જે બેઠકમાં બાંધકામ સમિતિના કુલ રૂ. ૫૫.૨૧ લાખના આંગણવાડી તેમજ જિલ્લા પંચાયત બિલ્ડિંગના ટેન્ડરો મંજુર કરવામાં આવ્યા હતા. આ ઉપરાંત રૂ. ૬૭૩.૩૫ લાખના કામોની કારોબારી સમિતિમાં ટેન્ડરો મંજુર કરવા ભલામણ કરાઈ હતી.આ કામોમાં મુદત વધારા, એજન્સીનું કામ રદ કરવા બે કામોમાં ફેરફાર કરવા, ત્રણ કામોના ભાવો મંજુર કરી, વહીવટી કામોની ચર્ચા કરવામાં આવી હતી.આ બેઠકમાં અધ્યક્ષ પી.જી.કિયાડા તથા બાંધકામ સભ્ય વિરલ પ્રફુલ પનારા, રાજેશકુમાર ડાંગર, શૈલેશ ચીમન ડોબરીયા, લીલાબેન બટુક ઠુમર, કાર્યપાલક ઈજનેર એચ.બી.ડાંગર તેમન નાયબ કાર્યપાલક ઈજનેર ઉપસ્થિત રહ્યા હતા. આ બેઠકમાં જેતપુરના નવાગઢમાં એનિમલ હોસ્પિટલને રીપેર કરવા માટે રૂ. ૧૦.૪૯ લાખ, પડધરીના દેપાલીયામાં, જેતપુરના થાણા ગલોલ ગામે , લોથડા ગામે આંગણવાડી બનાવવા ત્રણ કામો માટે રૂ. ૨૦.૬૯ લાખ,વીંછીયાના જનાળા ગામે ગ્રામ પંચાયત બનાવવા ૧૨.૦૪ લાખ રૂપિયા, જસદણના સાંણથલી ગામે રૂ. ૧૧.૯૯ લાખના ટેન્ડરના કામો મળી કુલ રૂ. ૫૪.૨૧ લાખના કામો મંજુર કરવામાં આવ્યા હતા. કારોબારી સમિતિમાં મુકવા બાંધકામ સમિતિ દ્વારા સર્વાનુમતે બહાલી આપવામાં આવેલા કામોમાં

### રૂ. ૬ કરોડ ૭૩ લાખના કામોની કારોબારી સમિતિમાં ટેન્ડર મંજુર કરવા ભલામણ ; એક રી ટેન્ડર, બે કામોમાં ફેરફાર કરાયા

ઉપલેટા તાલુકાના લાઠી, વડાલી, મેરવદર, કોલકીમાં ગ્રામ પંચાયતની ઓફીસ બનાવવા માટે ૪૯,૭૩ લાખ, ગોંડલના વોરા કોટડા રોડ પર સીસી રોડ બનાવવા માટે ૧ કરોડ, ઉપલેટાનું મેખીટિબડી રોડ ૯૯.૭૩ લાખ, કુવાડવામાં તલાટીકમમંત્રી કવાર્ટર બનાવવા ૧૩.૯૫ લાખ, ધોરાજીના ઝાપોદ રોડ પર ૨૦.૦૫ લાખ, જસદણમાં પેચવર્ક માટે ૨૩.૮૧ લાખ, જેતપુરમાં ત્રણ રોડ બનાવવા ૧૩૧. ૩૬ લાખ,ઉપલેટામા સબ ડિવિઝન બનાવવા ૨૫.૯૨ લાખ, ઉપલેટમાં પેચ વર્ક માટે ૨૫.૯૪, ઈશ્વરીયા ગાર્ડનમાં પેચ વર્ક માટે ૩૭.૬૮ લાખ, ધોરાજી પચાયત સબ ડિવિઝન બનાવવા ૪૯. ૩૯ લાખ, સાજડિયાડી થી મેઘવાડ રોડ બનાવવા ૭૧. ૫૬ લાખ મળી કુલ ૬ કરોડ ૭૩ લાખ ૩૫૦૦૦ ના કામો મજૂર કરવામાં આવ્યા છે.તો બીજી બાજુ જામકંડોરણાના સાજડિયાડી થી મેઘવાડ સુધીના રોડનું નવું ટેન્ડર માંગવામાં આવ્યું હતું.જ્યારે રાજકોટ તાલુકાના જુદા જુદા રસ્તા પર મેટલપેચ વર્ક તથા સિલોકોટના પટા મારવા બાબતે ૭૩.૫૪ લાખના કામોમાં ફેરફાર કરાયા હતા.

### ડીડીઓ તથા પ્રમુખની ચેમ્બરમાં નવા એરકડીશનર નખાશે

રાજકોટ જિલ્લા પંચાયતના પ્રમુખ ભૂપત બોદરની ઓફીસ તથા બંગલામાં અને ડીડીઓ અનિલ રાણાવસિયાની ઓફિસમાં રૂ. ૪ લાખના ખર્ચે એરકંડીશનર નખાશે. આ ઉપરાંત જુદા જુદા પેટાવિભાગની ચાર કચેરીમાં ચાર વાહનોની અંદર રૂ. ૧.૩૬ લાખના ખર્ચે ૧૬ નવા ટાયર ટ્યુબ નાખવામાં આવ્યા હતા.આમ કુલ રૂ. ૫.૩૬ લાખોના કામો મંજુર કરાયા હતા.

## સૌરાષ્ટ્રમાં ચોમાસામાં ૩૬ ઈંચ કરતાં વધુ વરસાદ પડવાની આગાહી



**(એજન્સી સમાચાર)**
રાજકોટ,તા.૧૪

સૌરાષ્ટ્ર ના ખેડૂતો માટે સારા સમાચાર છે. સૌરાષ્ટ્રમાં આ વર્ષે ૧૬ આની વરસાદ રહેવાના એંધાણ હવામાન વિભાગે આપ્યા છે. દર વર્ષે વાવણી ભીમ અગિયારસ થી શરૂ થતી હોય છે. જો અષાઢી બીજના વરસાદ આવે તો એક મહિનો વરસાદ મોડો આવશે તેવું લોકો માનતા હોય છે. આ વખતે હવામાન વિભાગે આગાહી કરી છે કે, ૧૫ જૂનના બે દિવસ પહેલા એટલે કે ૧૩ જૂન થી ગુજરાતમાં ચોમાસું પ્રવેશ કરશે. હિન્દ મહાસાગર તરફથી જે પવન ફૂંકાઈ રહ્યો છે તે ભેજ સાથેનો હોવાથી સૌરાષ્ટ્રમાં ભારે ઉકળાટ અને બફારો જોવા મળી રહ્યો છે. ચોમાસું તીવ્ર ગતિથી ગુજરાત તરફ આગળ વધી રહ્યું છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર સૌરાષ્ટ્ર પર અપરએર સર્ક્યુલેશન સર્જાય તો વરસાદ ૧૬ આની રહેવાની શક્યતાઓ છે. જેમાં જૂન માસમાં ૪ થી ૫ અને સૌરાષ્ટ્રમાં ચોમાસા દરમિયાન ૩૬ ઈંચ કરતાં વધુ વરસાદ પડવાની આગાહી કરવામાં આવી છે. દર વર્ષે ચોમાસાની પેટર્ન અલગ અલગ હોય છે અને સામે અલ-નીનો અને લા-નીનોની અસર પણ જોવા મળે છે.

## તંત્રી સ્થાનેથી...

### આડેધડ અને અધુરા વેક્સિનેશનથી કોરોનાના નવા મ્યુટેન્ટ સ્ટ્રેન્સ બનાવનો ખતરો??

મોટા પ્રમાણમાં આડેધડ અને અધુરું વેક્સિનેશન કોરોના વાયરસના નવા-નવા મ્યુટેન્ટ સ્ટ્રેન્સ બનાવવાની શરૂઆત કરી શકે છે. આ ચેતવણી દેશના જાણીતા હેલ્થ એક્સપર્ટ્સના એક જૂથે આપી છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને સોંપવામાં આવેલા એક રિપોર્ટમાં આ એક્સપર્ટ્સે સલાહ આપી છે કે કોરોનાની ઝપટમાં આવી ચુકેલા લોકોને વેક્સિન લગાવવાની જરૂરિયાત નથી. જૂથનું કહેવું છે કે મોટા પ્રમાણમાં લોકોના વેક્સિનેશનની જગ્યાએ એ લોકોને વેક્સિન આપવામાં આવે જેઓ સંવેદનશીલ અને જોખમની શ્રેણીમાં આવે છે. વર્તમાન સ્થિતિમાં યુવાનો અને બાળકોને વેક્સિન આપવી ફાયદાનો સોદો નથી.

આનાથી જરૂરિયાતવાળા લોકોને વેક્સિન મળવામાં મુશ્કેલી થઈ શકે છે. આ એક્સપર્ટ્સમાં ડૉક્ટર અને કોવિડ-૧૯ નેશનલ ટાસ્ક ફોર્સના મેમ્બર પણ સામેલ છે. ઇન્ડિયન પબ્લિક હેલ્થ એસોસિએશન , ઇન્ડિયન એસોસિએશન ઑફ એપિડમોલોજીસ્ટ અને ઇન્ડિયન એસોસિએશન ઑફ પ્રીવેન્ટિવ એન્ડ સોશિયલ મેડિસિન ના આ એક્સપર્ટ્સે પોતાના રિપોર્ટમાં કહ્યુ કે, દેશભરમાં મહામારીની વર્તમાન સ્થિતિમાં બાળકો સહિત તમામ ઉંમરના લોકોની જગ્યાએ આપણી વેક્સિનેશન પોલિસી મહામારીના ડેટા પર આધારિત હોવી જોઇએ.

સરકારી નિષ્ણાંતોએ સલાહ આપી છે કે, તમામ પુખ્ત વયના લોકોને વેક્સિન આપવી સૌથી સારી સ્થિતિ છે, પરંતુ સત્ય એ છે કે આપણે સીમિત વેક્સિનની સાથે એક મહામારીની વચ્ચે છીએ. આવી સ્થિતિમાં આપણું ધ્યાન મોતને ઘટાડવા પર હોવું જોઇએ, જે ખાસ કરીને વૃદ્ધો, બીમાર અને મેદસ્વિતાથી શિકાર લોકો માટે ખતરો સાબિત થઈ રહી છે. તેમણે કહ્યું કે, ડેટા ઓછી ઉંમરના પુખ્તો અને બાળકોના તાત્કાલિક વેક્સિનેશનની જરૂરિયાતને જાહેર નથી કરતા. આના પર થનારા ખર્ચનો સંપૂર્ણ ફાયદો નહીં મળે. તમામને વેક્સિન આપવાથી જોખમવાળી વસ્તી સુધી રસી મોડી પહોંચશે. એ વાતની સંભાવના પણ ઓછી છે કે તમામને રસી લગાવવાની આપણી યોજના યુવા વસ્તીમાં ફેલાઈ રહેલા ઇન્ફેક્શનને ઝડપથી ઓછું કરે.

નિષ્ણાંતો પ્રમાણે જેમને કોરોના થઈ ચુક્યો છે તેમને રસી લગાવવી જરૂરી નથી. આવા લોકોને એ વાતના પુરાવા મળ્યા બાદ વેક્સિન આપવી જોઇએ કે પ્રાકૃતિક રીતે થયેલા ઇન્ફેક્શન બાદ વેક્સિન ફાયદાકારક છે. બીમાર અને વૃદ્ધોને કોવિશીલ્ડના બે ડોઝ ૮૨ દિવસની જગ્યાએ ઓછા દિવસના અંતરે લાગે. આ ઉપરાંત જે વિસ્તારોમાં ડેલ્ટા વેરિએન્ટ ઝડપથી ફેલાઈ રહ્યું હોય ત્યાં કોવિશીલ્ડના બે ડોઝ ૮૩ દિવસની જગ્યાએ ઓછા દિવસની અંદર જ લાગવા જોઇએ. એક્સપર્ટ્સનું કહેવું છે કે જો જિલ્લા સ્તર પર નેચરલ ઇન્ફેક્શન અને વેક્સિનેશન બંને કારણે ૭૦ ટકા સેમ્પલમાં એન્ટિબોડી જોવા મળે છે તો ત્યાં કોઈ પણ પ્રકારનું લોકડાઉન ના હોવું જોઇએ.

# રાજકોટમાં સસ્તા અનાજની દુકાનમાં ગ્રાહકોનો ફોગટ ફેરોઃ કોંગ્રેસ પ્રમુખ

### સી.એમ-પી.એમ પહેલા દુકનોને અનાજ આપે, પછી પ્રસિધ્ધી માટે જાહેરાત કરેઃ પ્રદેશ પ્રમુખ ગાયત્રીબા વાઘેલા

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૧૪

કોરોના કાળમાં દિવાળી સુધી ગરીબોને ફ્રીમાં અનાજ આપવા માટે વડાપ્રધાને જાહેર કર્યા બાદ ગુજરાતની મોટા ભાગની સસ્તા અનાજની દુકાનોમાં પુરવઠો ન મળતો હોવાના આક્ષેપ સાથે, લોકોના ફોગટ ફેરા થતા અટકાવવા માટે ગુજરાત પ્રદેશ મહિલા કોંગ્રેસ પ્રમુખ ગાયત્રીબા વાઘેલા સહિત કાર્યકરોએ નાયબ જીલ્લા મેનેજર ગ્રેસ-૨ ને આવેદનપત્ર પાઠવ્યું હતું.

કોરોના મહામારીને ધ્યાને લઈ ગરીબોને રાહત મળે તે હેતુથી દેશના વડાપ્રધાને દિવાળી સુધી મફતમાં ઘઉં - ચોખા આપતા જ રહેશુ એવી જાહેરાત કરી હતી. પરંતુ આજદીન સુધી રાશનની દુકાનો સુધી પુરતી માત્રામાં જથ્થો પહોંચાડવામાં રાજય સરકારનું પુરવઠા નિગમ નિષ્ફળ રહ્યું છે. તો રાજય સરકાર દ્વારા દર મહીને મહત્તમ રાહત દરે જે વિતરણ કરવામાં આવતી વસ્તુઓ અને કેન્દ્ર સરકાર દ્વારા ગ.ઊ.જ.અ. યોજના અંતર્ગતનો વિતરણ માટેનો અનાજનો જથ્થો તા. ૧૧/૦૬/૨૦૨૧ થી લાભાર્થીઓને સસ્તા અનાજની દુકાન ઉપરથી વિતરણ માટેની મોટી જાહેરતો માન. વડાપ્રધાનશ્રી અને મા.મુખ્યમંત્રીના ફોટા સાથે કરી દેવામાં આવી ખરી. પરંતુ રાજય સરકારના પુરવઠા નિગમના અણઘડ વહીવટનાં કારણે આજે પણ ગરીબ લોકોને મફતમાં મળતાં ઘઉં-ચોખા તેમજ રેશનીંગ ઉપર દર માસ મળતા રાહત દરના અનાજ, કઠોળ, ખાંડ, મીઠું સહીતની વસ્તુઓનો જથ્થો પુરતી માત્રામાં રાજયના પુરવઠા નિગમ દ્વારા સમયસર પહોચાડવામાં આવતો નથી. જેના કારણે ગરીબ માણસો આખો મહિનો સસ્તા અનાજની દુકાને ધક્કા ખાતા રહે છે.

રાજકોટમાં અત્યાર સુધીમાં અંદાજીત ૭૫ જેવી સસ્તા અનાજની દુકાન ને જ ૨૫ થી ૩૦ % જેટલો જથ્થો મળ્યો છે. ૧૭૮ જેવી સસ્તા અનાજની દુકાનોના સંચાલકો દ્વારા ચલણ ભરપાઈ કરી પરમીટ સહીતની વિધિ પૂર્ણ કરી હોવા છતાં પુરવઠા નિગમ દ્વારા ટ્રાન્સપોર્ટેશન અને મજુરોની તંગી બાબતની બાનાબાજી કરવામાં આવે છે. ત્યારે અમારી રજૂઆત છે કે તાત્કાલીક ધોરણે રેશનકાર્ડ ધારકોને મળવાપાત્ર જથ્થો દુકાનો સુધી ઝડપથી પહોચાડવામાં આવે અને અત્યાર સુધીની નબળી કામગીરી બાબતે આ કામના જવાબદાર અધિકારીઓ આ કામગીરી માટેના ટ્રાન્સપોર્ટેશનના કોન્ટ્રાક્ટરો અને આ કામગીરી બાબતે મજુરો સપ્લાય કરતી જવાબદાર એજન્સીઓ સામે પણ પગલા ભરવામાં આવે તેવી માંગ મહિલા કોંગ્રેસ પ્રમુખ ગાયત્રીબા વાઘેલા, રાજકોટ શહેર મહિલા કોંગ્રેસ મનીષાબા વાળા, દિમીબેન સોલંકી, જયાબેન ટાંકે આવેદન પત્ર આપ્યું હતું.

# ટંકારાના હીરાપરમાં યુવતીએ ઝેર પી જીવન ટૂંકાવ્યું

### અપઘાતનું કારણ અકબંધ;પરિવારમાં ગમગીની

(સૌરાષ્ટ્ર ક્રાંતી પ્રતિનિધિ-રાજકોટ)

રાજકોટ,તા.૧૪

ટંકારાના હીરાપરમાં રહેતી યુવતીએ કોઈ અગમ્ય કારણસર ઝેરી દવા પી લીધી હતી યુવતીએ રાજકોટ સારવારમાં દમ તોડતા પરિવારમાં અરેરાટી સાથે શોકની લાગણી પ્રસરી છે.

આ બનાવ અંગે પોલીસમાંથી જાણવા મળતી વિગત મુજબ ટંકારાના હીરાપરમાં રહેતી ગીતાબેન પ્રવીણભાઈ સારેસા નામની ૨૦ વર્ષની યુવતીએ કોઈ અગમ્ય કારણસર ઝેરી પ્રવાહી પી લીધું હતું યુવતીને ઝેરી અસર થતાં ટંકારા અને ત્યારબાદ મોરબી હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી જ્યાં તેણે ની તબિયત નાજુક જણાતાં તાત્કાલિક વધુ સારવાર અર્થે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી હતી જ્યાં તેણીએ ચાલુ સારવાર દરમિયાન હોસ્પિટલમાં દમ તોડી દેતાં પરિવારમાં અરેરાટી સાથે કરૂણ કલ્પાંત સર્જાયો છે. આ બનાવ અંગે ટંકારા પોલીસે નોંધ કરી યુવતીના આપઘાત પાછળનું કારણ જાણવા વધુ તપાસ હાથ ધરી છે.

# ચૂંટણી રણનીતિકાર પ્રશાંત કિશોર ગુજરાત કોંગ્રેસની સંભાળી શકે છેઃ કમાન

### પ્રશાંતે પવારની સામે દેશભરના રાજનીતિ પક્ષોના આંકડાઓ સામે રાખ્યા



(એજન્સી સમાચાર)

અમદાવાદ,તા.૧૪

રાજયમાં ૨૦૨૨ની વિધાનસભાની ચૂંટણી પહેલા કોંગ્રેસ અને ભાજપ દ્વારા જોરશોરથી તૈયારી ચાલુ કરવામાં આવી છે. બીજી તરફ કોંગ્રેસે પણ તડામાર તૈયારી ચાલુ કરી છે. આ વચ્ચે ગુજરાતના રાજકારણના સૌથી મોટા સમાચાર સામે આવ્યા છે. ચૂંટણી રણનીતિકાર પ્રશાંત કિશોર ગુજરાત કોંગ્રેસની કમાન સંભાળી શકે છે. જે અંગે ગુજરાત કોંગ્રેસના પ્રવક્તા જયરાજસિંહ પરમારે સંકેત આપ્યા છે.

જયરાજસિંહ પરમારે જણાવ્યું કે, પ્રશાંત કિશોરને લઇ હાઇકમાન્ડ નિર્ણય લઈ શકે છે. જો પ્રશાંત કિશોર કોંગ્રેસ સાથે જોડાશે તો કોંગ્રેસને ફાયદો થશે. પ્રશાંત કિશોરે પશ્ચિમ બંગાળમાં ટીએમસીની જીતમાં મોટો ભાગ ભજવ્યો હતો. ત્યારે પ્રશાંત કિશોર ગુજરાત કોંગ્રેસ માટે ચૂંટણી રણનીતિ ઘડી શકે છે.

આ પેહેલા પ્રશાંત કિશોરે એનસીપી પ્રમુખ શરદ પવાર અને રાજનિતીના રણનીતિકાર પ્રશાંત કિશોરની મુલાકાત થઈ હતી, ત્યાર બાદ મહારાષ્ટ્રના રાજકારણમાં પણ ગરમાવો આવ્યો હતો. તેવું માનવામાં આવી રહ્યુ છે કે, પ્રશાંતે પવારની સામે દેશભરના રાજનિતી પક્ષોના આંકડાઓ સામે રાખ્યા હતા. બીજી તરફ એ પણ અટકળો લગાવવામાં આવી રહી હતી કે દેશના અલગ અલગ રાજયોનાં બીજેપી વિરોધી દળોને એક મંચ પર લાવવાની ચર્ચા શરૂ થઈ હતી.

# ભારતમાં પહેલીવાર ૨૦ દિવસમાં તૈયાર થયો ઓવરબ્રિજઃવલસાડે બનાવ્યો રેકોર્ડ

### 'એક અઠવાડિયામાં આશરે ૭૫ ટકા ઓવરબ્રીજનું કામ થયું પૂર્ણ

(એજન્સી સમાચાર)

વલસાડ,તા.૧૪

દેશમાં પહેલીવાર, ફક્ત ૨૦ દિવસમાં કોઈ ઓવરબ્રીજ પૂર્ણ કરવાનો રેકોર્ડ બનાવવામાં આવ્યો છે. આ રેકોર્ડ ગુજરાતના વલસાડમાં (Gujarat, Valsad) બન્યો છે. ત્યાં રોડ ઓવરબ્રીજનું ૭૫ ટકા કામ પૂર્ણ થઈ ગયું છે. આ સાથે, એવું કહેવામાં આવી રહ્યું છે કે, તે ૨૨ જૂન સુધીમાં પૂર્ણ થઈ જશે. આ પ્રોજેક્ટની અંદાજીત કિંમત રૂ.૪.૫ કરોડ છે.

વેસ્ટર્ન ડેડિકેટેડ ફ્રેટ કોરિડોરના (WDFC) ચીફ જનરલ મેનેજર શ્યામસિંહે આ અંગે માહિતી આપી છે. તેમનું કહેવું છે કે, 'એક અઠવાડિયામાં આશરે ૭૫ ટકા ઓવરબ્રીજનું કામ પૂર્ણ થઈ ગયું છે.' આ ઓવરબ્રીજનું નિર્માણ ૨જી જૂને શરૂ થયું હતું અને અમને વિશ્વાસ છે કે, અમે તેનું બાંધકામ ૨૦ દિવસમાં પૂર્ણ કરીશું. સરકારે ૨૦ દિવસ સુધી ટ્રાફિક બ્લોક કરવાની મંજૂરી આપી હતી.

આપને જણાવીએ કે, આ પ્રકારના બાંધકામના કામને પૂર્ણ કરવામાં ઓછામાં ઓછા ૧૦૦ દિવસ લાગે છે. જો તેનું કામ નોન સ્ટોપ કરવામાં આવે. આ રસ્તો વલસાડ પૂર્વને વલસાડ પશ્ચિમમાં જોડે છે. આવી સ્થિતિમાં, ૧૦૦ દિવસો સુધી તેના પર ટ્રાફિકને બ્લોક કરવો શક્ય નથી. આવી સ્થિતિમાં, ઓથોરિટીએ કેટલાક ભાગ પહેલાથી બનાવીને તેમને એક સાથે જોડીને પુલ બનાવવાની યોજના બનાવી હતી. આ પુલના આ ભાગોને જોડવા માટે સ્થળ પર ચાર હેવી ડ્યુટી હાઇડ્રોલિક ક્રેન લગાવવામાં આવી હતી. તેમની ક્ષમતા ૩૦૦ મેટ્રિક ટન અને ૫૦૦ મેટ્રિક ટન છે.

બાંધકામના કામમાં વેગ લાવવાનો નિર્ણય પણ મહામારી વચ્ચે બાંધકામની કામગીરીમાં સતત આવી રહેલા વિક્ષેપોના કારણે લેવામાં આવ્યો હતો. એમા પશ્ચિમ ડીએફસીના વૈતરના-સચિન વિભાગમાં પણ કામને અસર થઈ. જ્યાં એક અંતરાયનો સામનો કરવો પડ્યો.

# વાવઝોડાગ્રસ્ત અગરિયા પરિવારોને રાહત પેકેજ આપવા પોસ્ટ કાર્ડ ઝુંબેશ

(એજન્સી સમાચાર)

રાજકોટ,તા.૧૪

''તાઉ-તે''વાવાઝોડાને કારણે રણમાં મીઠું પકવતા અગરિયાઓએ કરેલી દિવસ-રાતની મહેનત પર પાણી ફરી વળ્યું છે. જેથી અગરિયા પરિવારોને રાજ્ય સરકાર સહાય આપે તે જરૂરી છે. જેથી અગરિયા પરિવારો સહાય મેળવવા માટે થઇને શનિવારે હળવદ તાલુકાનાં જુદા જુદા રણકાંઠાનાં ગ્રામ્ય વિસ્તારનાં અગરિયા પરિવારો દ્વારા રાજ્યનાં મુખ્યમંત્રીને પોસ્ટ કાર્ડ લખી પોતાનો અવાજ સરકાર સુધી પહોંચાડવા પ્રયાસ કરાયો હતો.

હળવદ,માળીયા ,ધાંગધ્રાને અડીને આવેલ કચ્છનાં નાના રણમાં મીઠું પકવી ગુજરાન ચલાવતા આગરીયા પરિવારોને ''તાઉ-તે'' વાવાઝોડાને કારણે ભારે નુકસાની થઈ છે જેથી અગરિયા પરિવારોને સહાય મળે તે માટે થઈ અગાઉ ધારાસભ્યએ, જિલ્લા પંચાયતનાં પ્રમુખ, જિલ્લા પંચાયતનાં સદસ્ય સહિતનાઓ દ્વારા રાજ્ય સરકારમાં રજૂઆતો કરવામાં આવી છે પરંતુ આજદિન સુધી અગરિયાઓને કોઈપણ પ્રકારની સહાય ન મળતા આખરે અગરિયા પરિવારો દ્વારા પોસ્ટ કાર્ડ ઝૂંબેશ ચલાવવામાં આવી રહી છે. હળવદ તાલુકાના ટીકર, અજીતગઢ,માનગઢ,કીડી સહિતના ગામોના અગરીયા પરિવારોએ રાજ્યના મુખ્યમંત્રીને પોસ્ટકાર્ડ લખી વાવાઝોડામાં મીઠામાં પારાવાર ધોવાણ અને સોલર સિસ્ટમને થયેલા નુકસાને લિધે અગરિયા પરિવારો ખૂબ જ ખરાબ પરિસ્થિતિમાં મુકાઇ ગયા છે તેને લઈ રાજ્યના મુખ્યમંત્રી દ્વારા તાત્કાલિક રાહત પેકેજ અને કેસ ડોલ આપે તે માટે પોસ્ટકાર્ડ ઝુંબેશ ચલાવી અગરિયા પરિવારો પોતાની માંગ રાજ્ય સરકાર સુધી પહોંચાડી રહ્યા છે.

# મહંતની હત્યાનો ગુનો દાખલ કરવા અખિલ ભારતીય સંત સમિતિની માંગ

### ગુજરાતના સંતો દ્વારા શહેર પોલીસ કમિશ્નરને આવેદનપત્ર પાઠવી યોગ્ય કરવા માંગ કરાઈ



(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૧૪

કાગદડીના ખોડિયારામ આશ્રમના મહંતશ્રી જયરામદાસજી મહારાજનાં અપમૃત્યુનાં સમાચારથી ગુજરાતનો વિરાટ સંત સમાજ અને હિંદુ ધર્મપ્રેમી સમાજ આઘાતની લાગણી અનુભવે છે.

મહંત જયરામદાસજીનું હાર્ટએટેકથી મોત, તેમનો તુરંત અંતિમવિધી અને હરિદ્વારમાં અસ્થિવિર્સજનની ઘટનાએ અનેક શંકા પેદા કરે છે. ત્યારબાદ બે દિવસ બાદ મહંત જયરામદાસજીએ લખેલી ૨૦ પેજની સુસાઈડનોટ, કથિત વિડિયો ક્લીપ, સી.સી.ટીવીના ફૂટેજ વિગેરે પોલીસનાં હાથ આવતો આત્મહત્યાની બતાવવાનું ષડયંત્ર, એ ઉપરાંત સ્થાપિત હિતોએ સ્થાવર જંગમ મિલકત પચાવી પાડવા માટે આવું કૃત્યુ કરેલ અથવા પૈસાની લાલચે મહંત જયરામદાસજીને સતત દાબ-દબાણ, ધમકી, બ્લેકમેલ કરવાથી મહંતને આત્મહત્યા કરવા મજબુર કર્યા હોય તેવા તત્વોને ગુનામાં સામેલ કરી મહંત જયરામદાસજીને આ હદે આત્મહત્યા કરવા પ્રેરણા કરવા બદલ ૧૨૦ બી, ૩૦૨ નો ગુનો દાખલ કરવા પોલીસ કમિશ્નરને રજૂઆત કરવામાં આવી છે. ગુજરાત સરકારી-ગૃહખાતુ-પોલીસ વિભાગ આ ઘટનાનાં દોષિતોને કડક સજા કરીને ઉદારણ બેસાડે કે આવી કોઈ ઘટના કરવાની હિંમત ના કરે. મળતી માહીતી પ્રમાણો સંતોનાં પ્રતિનિધિ મંડળનું સ્પષ્ટ માનવું છે કે , આ મહંત જયરામદાસજીને આત્મહત્યા કરવા મજબૂર કર્યા છે હત્યાનો જ ગુનો ગણવો જોઈએ.

પોલીસ ઝીણવટભરી, કુશળતા પૂર્વક આ ઘટનામાં સંડોવાયેલ તમામ સામે ખુનનો ગુનો દાખલ કરી, જેલ ભેગા કરી ન્યાય કરવા. તે અંગે અખિલ ભારતીય સંત સમિતી - ગુજરાતનાં અધ્યક્ષ પૂ.શાસ્ત્રી , નૌતમ સ્વામીજીની આગેવાની હેઠળનું પ્રતિનિધિ મંડળ દ્વારા માંગ કરવામાંવી છે.

# ટંકારાના લજાઈ ગામે દંપતી વચ્ચે રકઝક થતાં પત્નીએ ઝેરી દવા ગટગટાવી

### ચોટીલામાં યુવતીએ ઝેરના પરખા કરતા સારવારમાં ખસેડાઇ

(સૌરાષ્ટ્ર ક્રાંતી પ્રતિનિધિ-રાજકોટ)

રાજકોટ,તા.૧

ટંકારા તાલુકાના લજાઇ ગામે આવેલા કારખાનામાં મજૂરી કામ કરતા પરપ્રાંતીય દંપતી વચ્ચે નજીવા પ્રશ્ને ઝઘડો થતા પત્નીને માઠુ લાગી આવતા ઝેરી દવા પી લીધી હતી તેણીને ઝેરી અસર થતાં તાત્કાલિક સારવાર છે રાજકોટ ખસેડવામાં આવી હતી.

આ બનાવ અંગે પોલીસમાંથી જાણવા મળતી વિગત મુજબ ટંકારા તાલુકાના લજાઇ ગામે આવેલા મહાદેવ નામના કારખાનામાં કામ કરતી નાનીબેન આસુભાઈ ડામોર નામની ૨૫ વર્ષની પરપ્રાંતીય પરિણીતાએ ઝેરી દવા પી લીધી હતી તેણીને ઝેરી અસર થતાં તાત્કાલિક સારવાર માટે મોરબી બાદ રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી પ્રાથમિક પૂછતાછમા નાનીબેન અને તેના પતિ આસુ ડામોર વચ્ચે નજીવા પ્રશ્ને ઝઘડો થતાં તેણીને લાગી આવતા ઝેરી દવા પી લીધી હોવાનું જાણવા મળ્યું છે.

આ ઉપરાંત અન્ય બીજા બનાવમાં ચોટીલામાં માર્કેટ યાર્ડ પાછળ આવેલા શાસ્ત્રીનગરમાં રહેતી હેતલબેન વિનોદભાઈ વાઘેલા નામની ૨૫ વર્ષની યુવતીએ સાંજના પાંચેક વાગ્યાના અરસામાં કોઈ અગમ્ય કારણસર ઝેરી પ્રવાહી પી લીધુ હતુ .

તેણીને ઝેરી અસર થતાં તાત્કાલિક બેશુદ્ધ હાલતમાં સારવાર અર્થે રાજકોટની સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી હતી.આ બન્ને બનાવ અંગે પોલીસે નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે.

# ધર્મનગર આવાસમાં જુના ઝગડાનો ખાર રાખી યુવક પર પાડોશીનો છરી વડે હુમલો

### ઈજા થતાં રજપૂત યુવક હોસ્પિટલ બિછાને ; યુનિવર્સિટી પોલીસમાં મારમારીનો ગુનો નોંધાયો

(સૌરાષ્ટ્ર ક્રાંતી પ્રતિનિધિ-રાજકોટ)

રાજકોટ, તા.૧૪

યુનિવર્સીટી રોડ પર આવેલા ધર્મનગર આવાસ ક્વાર્ટરમાં જુના ઝગડાનો ખાર રાખી રજપૂત યુવકને તેના પડોશમાં રહેતા શખ્સે છરી ઝીકી દઈ જાનથી મારી નાંખવાની ધમકી આપ્યા અંગેની ફરિયાદ પોલીસ સ્ટેશનમાં નોંધાઇ છે.

મારમારીના બનાવ અંગે યુનિવર્સિટી રોડ પર ધર્મનગર આવાસ ક્વાર્ટરમાં રહેતા જીજ્ઞેશભાઈ મયુરભાઈ પરમાર ( ઉ.વ ૨૯ ) એ યુનિવર્સિટી પોલીસ સ્ટેશનમાં પાડોશી અનિરુદ્ધસિંહ વાઘેલા ઉર્ફ કાના સામે જુના ઝગડાનો ખાર રાખી છરી વડે હુમલો કર્યા અંગેની ફરિયાદ નોંધાવી છે. પી.એસ.આઈ બીજી ડાંગરે આઈપીસી ૩૨૪ , ૫૦૪ મુજબ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

ફરિયાદમાં રજપૂત યુવકે જણાવ્યું છે કે બે વર્ષ પૂર્વે ઝગડો થયો હતો.

જે ઝગડાનો ખાર રાખી પાડોશી અનિરુદ્ધસિંહે ગાળો ભાંડયા બાદ નેફામાંથી છરી કાઢી સાથલના ભાગે, હાથના અંગુઠાના ભાગે ઝીકી દઈ નાશી છૂટ્યો હતો.હું બેભાન થઈ જતા મને ચેહલ પરમારે સારવાર અર્થે સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો હતો.

# જૂનાગઢમાં ૧૧ વર્ષનો માસુમ રમતા રમતા ધતુરાના બી ખાઈ જતા તબિયત લથડી

(સૌરાષ્ટ્ર ક્રાંતી પ્રતિનિધિ-રાજકોટ)

રાજકોટ,તા.૧૪

જૂનાગઢમાં આવેલી સાંબલપુર ચોકડી પાસે રહેતા પરિવારનો ૧૧ વર્ષનો માસૂમ બાળક રમતા-રમતા ધતુરાના બી ખાઈ ગયો હતો બાળકની તબિયત લથડતાં તાત્કાલિક સારવાર અર્થે રાજકોટ ખસેડવામાં આવ્યો હતો.

આ બનાવ અંગે પોલીસમાંથી જાણવા મળતી વિગત મુજબ જૂનાગઢમાં આવેલી સાબલપુર ચોકડી પાસે રહેતા પરિવારનો રાહુલ મુકેશભાઈ સોલંકી નામનો ૧૧ વર્ષનો માસૂમ સાંજના ચારેક વાગ્યાના અરસામાં રમતા રમતા ધતુરાના બી ખાઈ ગયો હતો માસુમ બાળકને ઝેરી અસર થતાં તાત્કાલિક સારવાર માટે જુનાગઢ બાદ વધુ સારવાર માટે રાજકોટ કેટી ચિલ્ડ્રન હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો.

તાત્કાલિક સારવાર અર્થે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો. આ બનાવ અંગે પોલીસે નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે.

# ભગવતીપરામાં લાકડાના ગોડાઉનમાં કામ કરતા શ્રમિકનું વિજશોકથી મોત

### પાંચ દિવસ પૂર્વ જ રોજમદાર તરીકે શ્રમિક કામે જોડાયો હતો, શ્રમિક પરિવારમાં અરેરાટી

(સૌરાષ્ટ્ર ક્રાંતી પ્રતિનિધિ-રાજકોટ)

રાજકોટ,તા.૧૪

ભગવતીપરા મેઈન રોડ પર મંડપ સર્વિસના ગોડાઉનમાં કામ કરતા શ્રમિકનું વિજશોક લાગતા મોત નીપજ્યું હતું.

પ્રાપ્ત વિગતો મુજબ ભગવતી પરા મેઈન રોડ પર અશોક લુણાગરિયાના મંડપ સર્વિસના લાકડાના ડેલામાં લાકડા કાપવાનું કામ કરતા મૂળ દાહોદના સુરેશ ભલા પગી ( ઉ.વ ૨૬ ) ને મશીનમાં કામ કરતી વેળાએ વિજશોક લાગતા સારવાર અર્થે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો.જ્યા ફરજ પરના તબીબે મૃત જાહેર કરતા શ્રમિક પરિવારમાં અરેરાટી મચી જવા પામી હતી. મૃતક સુરેશ પાંચ દિવસ પૂર્વે જ રોજમદાર તરીકે જોડાયો હતો. મૃતદેહને પી.એમ અર્થે ખસેડી બી ડિવિઝન પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# ચોટીલામાં માતાએ ઘરકામ કરવા મુદ્દે ઠપકો આપતા પુત્રીએ ઝેર પીધું

### શિવમ પાર્કમાં માતાએ પુત્રને નોકરી કરવા ઠપકો આપતા નાનાપુત્રે ઝેરી દવા ગટગટાવી



(સૌરાષ્ટ્ર ક્રાંતી પ્રતિનિધિ-રાજકોટ)

રાજકોટ, તા.૧૪

ચોટીલાના શાસ્ત્રીનગરમાં ઘરકામ કરવા મુદ્દે માતાએ ઠપકો આપતા પુત્રીએ બ્લીચીગ પીધું હતું. જ્યારે રેલનગરના શિવમ પાર્કમાં માતાએ કામધંધો કરવા બાબતે પુત્રને ઠપકો આપતા પુત્રે ઝેરી દવા પીધી હતી.

પ્રાપ્ત વિગતો મુજબ ચોટીલામાં માર્કેટીંગ યાર્ડ પાછળ શાસ્ત્રીનગરમાં રહેતી હેતલ વિનોદ વાઘેલા ( ઉ.વ ૨૫) ને માતાએ ઘરકામ કરવા બાબતે ઠપકો આપતા પુત્રી હેતલે ઝેરી દવા પી આપઘાતનો પ્રયાસ કરતા સારવાર અર્થે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી. જ્યારે રાજકોટના રેલનગરના શિવમ પાર્કમાં રહેતા યોગીરાજસિંહ સજ્જનસિંહ જાડેજા ( ઉ.વ ૨૩)ને તેની માતા મીનાબા જાડેજા તથા તેના મોટા ભાઈ વી.વી.જાડેજાએ નોકરી કરવા બાબતે ઠપકો આપ્યો હતો.જે બાબતનું માઠું લાગી આવતા યુવકે ઝેરી દવા પી લેતા પાડોશી જીગ્નેશે સારવાર અર્થે સિવિલ હોસ્પિટલમાં ખસેડયો હતો.આપઘાતનો પ્રયાસ કરનાર યોગેશનો મોટો ભાઈ વી.વી.જાડેજા પ્ર નગર પોલીસ સ્ટેશનમાં રાઇટર તરીકેની ફરજ બજાવે છે. બન્ને બનાવ અંગે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# માલવીયા ચોકમાં હિટ એન્ડ રનની ઘટનામાં રાવળદેવ વૃદ્ધનું મોત

(સૌરાષ્ટ્ર ક્રાંતી પ્રતિનિધિ-રાજકોટ)

રાજકોટ,તા.૧૪

શહેરના માલવીયા ચોકમાં ગ્રાહકને બસ સ્ટેશનનો રસ્તો દેખાડવા ગયેલા રાવળદેવ વૃદ્ધનું હિટ એન્ડ રનની ઘટનામાં મોત નિપજતા પરિવારમાં અરેરાટી મચી જવા પામી છે.

પ્રાપ્ત વિગતો મુજબ રાષ્ટ્રીય શાળા પાસે રાવળદેવના ડેલામાં રહેતા ચીચોડા રીપેરીંગનું કામ કરતા ભીમજી લાધાભાઈ રાઠોડ ( ઉ.વ ૬૫ ) એ બહારગામથી આવેલા ગ્રાહકને બસ સ્ટેન્ડનો રસ્તો દેખાડવા માટે ગયા હતા. જે અરસામાં માલવીયા ચોક પાસે અજાણ્યા વાહનની ઠોકરે ચડી જતા વૃદ્ધને ગંભીર હાલતમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. જ્યાં ફરજ પરના તબીબે મૃત જાહેર કરતા રાવળદેવ પરિવારમાં અરેરાટી મચી જવા પામી હતી. એ ડિવિઝન પોલીસે અકસ્માતના બનાવ અંગે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

**અમદાવાદમાં રથયાત્રાની તૈયારીઓનો પ્રાંરભઃ પોલીસ કમિશ્નરને મળ્યા ટ્રસ્ટીઓ**

## શ્રદ્ધાંજલી



નવીનભાઇ સવજીભાઈ સોજીત્રા

સ્વ.તા.૧૨-૦૬-૨૦૨૧

આપની હયાતી અમારી પ્રેરણા હતી.આપના આદર્શ અમારા માર્ગદર્શન હતા.આપનું સાદગીભર્યું જીવન, ઉચ્ચ વિચારો, માયાળુ સ્વભાવ,લાગણીશીલતા અમો જીવનભર ભૂલશું નહીં.પરમાત્મા આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એવી પ્રાર્થના.

—: લી :—

અમીતભાઇ નાથાભાઇ કોરાટ

સંદિપભાઇ પરસોત્તમભાઇ નાસીત

અજયભાઇ કનુભાઇ નાસીત

ઉમેશભાઇ મનસુખભાઇ કોરાટ

વિશાલ ધીરૂભાઇ રંગાણી

**વાચકોએ નોંધ લેવી**

કે કોઇપણ જાહેર ખબરમાં જણાવેલી માહિતીની સત્યતા બાબતે અમો કોઇ બાહેંધરી આપતા નથી. વાચકોએ પોતાની રીતે પુરતી ચકાસણી કરીને યોગ્ય નિર્ણય લેવાનો રહેશે.

વ્યવસ્થાપકઃ સૌરાષ્ટ્ર ક્રાંતી

**અમારા પત્રકાર બાબતમાં કોઈ ફરિયાદ હોય તો અમને આ નંબર પર જણાવો**

મો.9429787729

email:-saurashtrakranti@gmail.com

# વિવિધ વોર્ડમાં ભાજપના પ્રમુખ-મહામંત્રીઓની વરણી કરતા મિરાણી



**નવનિયુકત પ્રમુખ-મહામંત્રીઓને અભિનંદન પાઠવતા મોહન કુંડારીયા, રામભાઈ મોકરીયા, નીતિન ભારદ્વાજ, અંજલીબેન રૂપાણી સહિતના અગ્રણીઓ**

**પ્રમુખપદે વોર્ડ નં.૨ માં રાજેન્દ્રસિંહ ગોહિલ, વોર્ડ નં.૫ માં દિનેશભાઈ ધિયાડ વોર્ડ નં.૮ માં તેજશભાઈ જોષી, વોર્ડ નં.૧૩ માં કેતનભાઈ વાછાણી, વોર્ડ નં.૧૪ માં હરીભાઈ રાતડીયા, વોર્ડ નં.૧૮ માં શૈલેષભાઈ બુસા અને મહામંત્રીઓ વોર્ડ નં.૮ માં જયસુખભાઈ મારવીયા, વોર્ડ નં.૧૩ માં ભરતભાઈ સવસેયાની વરણી કરાઈ**

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ,તા.૧૪

મહાનગરપાલિકાની ચૂંટણી સંપન્ન થયા બાદ શહેરમાં વિવિધ વોર્ડમાં ખાલી પડેલ પ્રમુખ- મહામંત્રીઓ માટે મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી અને પ્રદેશ ભાજપ પ્રમુખ સી.આર.પાટીલ તેમજ પ્રદેશ સંગઠન મહામંત્રી ભીખુભાઈ દલસાણીયા સાથે વિચાર-વિર્મશ ક્ર્યા બાદ શહેર ભાજપ પ્રમુખ કમલેશ મિરાણીએ નવનિયુક્ત પ્રમુખ- મહામંત્રીઓની જાહેરાત કરેલ છે.

શહેર ભાજપની આ નવનિયુક્ત ટીમ સંગઠનને વધુ સુદૃઢ બનાવશે, ત્યારે મહાનગરપાલિકાની ચૂંટણી બાદ ભારતીય જનતા પાર્ટીના એક વ્યક્તિ, એક હોદોના સિધ્ધાંતને અનુસરીને આ નિયુક્તિ કરવામાં આવેલ છે.

આ તકે શહેર ભાજપ વિવિધ વોર્ડના ના આ નવનિયુક્ત પ્રમુખ- મહામંત્રીઓને પ્રદેશ ભાજપ અગ્રણી નિતીન ભારધ્વાજ, સાંસદ મોહનભાઈ કુંડારીયા, રામભાઈ મોકરીયા, ધારાસભ્ય ગોવિંદભાઈ પટેલ, અરવિંદ રૈયાણી, લાખાભાઈ સાગઠીયા, પ્રદેશ ભાજપ બક્ષીપંચ મોરચાના પ્રમુખ ઉદય કાનગડ, શહેર ભાજપ મહામંત્રી જીતુ કોઠારી, કિશોર રાઠોડ, નરેન્દ્રસિહ ઠાકુર, મેયર ડો. પ્રદીપ ડવ, પ્રદેશ ભાજપ મંત્રી બીનાબેન આચાર્ય, મહીલા મોરચા પ્રભારી અંજલીબેન રૂપાણી સહીતના અગ્રણીઓએ તેમજ તમામ શ્રેણીના કાર્યકર્તાઓએ આવકારી શુભેચ્છા પાઠવેલ હતી.(૧.૫)

# કે.કે.વી. ચોક ખાતે ફલાય ઓવરબ્રિજની મુલાકાત લેતા પદાધિકારીઓ



**બ્રિજનું કામ સમયમર્યાદા પહેલા પૂર્ણ કરવા અધિકારીઓને સુચના અપાઈ**

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ,તા.૧૪

આજરોજ કે.કે.વી. ચોક ૧૫૦ ફૂટ રીંગ રોડ, કાલાવડ રાજકોટ તરફ રૂ.૧૨૯.૫૩ કરોડના ખર્ચે ફલાય ઓવરબ્રિજની કામગીરીની સ્થળ મુલાકાત લેતા મેયર ડો.પ્રદિપ ડવ, પ્રદેશ ભાજપ અગ્રણી નીતિનભાઈ ભારદ્વાજ, ડે.મેયર ડો.દર્શિતાબેન શાહ, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન પુષ્કરભાઇ પટેલ, મ્યુનિસિપલ કમિશનર ઉદિત અગ્રવાલ, શાસક પક્ષ નેતા વિનુભાઈ ઘવા, બાંધકામ સમિતિ ચેરમેન કેતનભાઈ પટેલ, વોર્ડ નં.૧૦ના કોર્પોરેટર ચેતનભાઈ સુરેજા, નરેન્દ્રસિંહ વાઘેલા, ડો.રાજેશ્રીબેન ડોડીયા, વોર્ડ નં.૦૮ના અશ્વિનભાઈ પાંભર, બિપીનભાઈ ભૂત, ડો.દર્શનાબેન પંડ્યા, તેમજ સંબંધક અધિકારી સિટી એન્જી. ડોડીયા, વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

ફોરલેન ફલાય ઓવરબ્રિજ, સર્વિસ રોડની પહોળાઈ ૭.૨૫ મી. બંને તરફ, મોટામવા તરફ બ્રિજની લંબાઈ ૭૧૭.૦૦ મી., કોટેચા ચોક તરફ બ્રિજની લંબાઈ ૪૩૫.૦૦ મી.,

મોટામવા તરફ બ્રિજનું ગ્રેડીયન્ટ ૧:૩૦, કોટેચા ચોક તરફ બ્રિજનું ગ્રેડીયન્ટ ૧:૩૦, મોટામવા તરફ સિંગલ પીઅર - ૨૬ નંગ (જે પૈકી સર્વિસ રોડનું કામ પૂર્ણ થવામાં છે) કોટેચા ચોક તરફ સિંગલ પીઅર - ૧૩ નંગ (જે પૈકી ૨ પીઅરની ખોદાણ કામ શરૂ થયેલ છે તથા સર્વિસ રોડનું કામ પૂર્ણ થયેલ છે.)ગ્રાઉન્ડથી ઊંચાઈ ૧૩.૫ મી.,આ કામે એજન્સીને તારીખ ૨૧/૦૧/૨૦૨૧ના રોજ ૨૪ માસની સમય મર્યાદાનો વર્ક ઓર્ડર આપેલ. પ્રોજેક્ટ પૂર્ણ થવાની તા.૨૦/૦૧/૨૦૨૩ છે. ચોમાસા દરમ્યાન લોકોને અવર-જવરમાં મુશ્કેલી ન પડે તેમજ સમયમર્યાદા પહેલા બ્રિજનું કામ પૂર્ણ થાય તે માટે સંબંધક અધિકારીને સુચના આપેલ હતી.

# હળવદના સુંદરીભવાની ગામમાં ૫૦ લોકોને ફૂડ પોઈઝનિંગની અસર



**કેરીનો રસ ખાવાથી અસર થવાની પરિવારજનોની આશંકા**

**(અમારા પ્રતિનિધિ દ્વારા)**
હળવદ,તા.૧૪

હળવદ તાલુકાના સુંદરી ભવાની ગામ એ એક પરિવારના શ્રીમંત પ્રસંગે જમણવાર બાદ ફૂડ પોઇઝનિંગની અસર થતાં પચાસ લોકોને ફુડ પોઈઝનિંગની અસર થઇ હતી. જેમાંથી અમુકને હળવદ અને ધાંગધ્રા ની હોસ્પિટલ ખાતે સારવાર લીધી હતી. સુંદરીભવાની ગામના ૧૯ લોકો અન્ય ૩૧ મહેમાનોને જમણવાર માં ઝેરી અસર થઇ હતી. પ્રાપ્ત માહિતી મુજબ હળવદ તાલુકાના સુંદરીભવાનીગામે મેરાભાઈના ઘરે શ્રીમંત પ્રસંગ એ જમણવાર રાખવામાં આવ્યો હતો.જેમાં ગુલાબજાંબુ, બરફી, કેરીનો રસ જમણવાર રાખ્યો હતો. ફૂડ પોઇઝનિંગની અસર થતા ૫૦ લોકોને અસર થવા પામી હતી. પરીવારના સભ્યો તેમજ મહેમાનો ઝાડા ઉલ્ટીની પેટમાં દુખતું હોવાની બીમારી થઇ હતી.

આ ફૂડ પોઇઝનિંગ અસર પરિવારજનોએ આશંકા સાથે જણાવ્યું હતું કે કેરીનો રસ ખાવાથી ફૂડ પોઈઝનીંગ થયું હોય તેવી શંકા લાગી રહી છે. આ બનાવની જાણ હળવદ બ્લોક હેલ્થ ઓફિસર ભાવિન ભટ્ટીને થતા સુંદરી ભવાનીની મુલાકાત લઈ પરિવારજનોના ખબર અંતર પૂછી સર્વે કામગીરી કરી આગળની કાર્યવાહી હાથ ધરી હતી.તપાસના ચક્રો ગતિમાન કર્યા હતા. કેરીનો રસ હળવદના એક કારખાનાઓ હોવાનું જાણવા મળ્યું છે. સમગ્ર ઘટના ઉપર પડદો પાડવા રાજકીય આકાઓએ એડીચોટીનું જોર લગાવ્યું. પરંતુ કોઈ નિરાકરણ ન આવ્યું હતું. રાજકીય આકાઓએ વિલા મોઢે પરત ફરવુ પડયું હતું. તેવું ગ્રામજનોમાં ચર્ચાઈ રહ્યું છે.

# હળવદ ખાતે ૨૦૨ બ્લડની બોટલ એકત્ર



**(અમારા પ્રતિનિધિ દ્વારા)**
હળવદ,તા.૧૪

પાટિયા ગ્રુપ દ્વારા અને વિશ્વ હિન્દુ પરિષદ શ્રી શણેશ્વર મહાદેવ મંદિર ટ્રસ્ટ તથા વિવિધ સામાજિક સંસ્થાઓના સહયોગથી સ્વૈચ્છીક રકતદાન કેમ્પનું સફળતાપૂર્વક આયોજન થયું. હળવદ સહિત આસપાસના વિસ્તારના ઉદાર હૃદય ના રક્તદાતાઓ એ સ્વૈચ્છીક રકતદાન થકી માનવતાની મહેક પ્રસરાવી હતી આ રકતદાન કેમ્પમાં ૨૫ મહિલાઓએ રકતદાન કર્યું તથા ૧૧ લોકોએ પ્રથમ વખત રકતદાન કર્યું હતું. અને ૧૫ લોકો હળવદ તાલુકા બહારથી રક્તદાન કરવા માટે આવ્યા હતા એમ કુલ મળી ટોટલ ૨૦૨ બ્લડની બોટલ એકત્ર કરવામાં આવી હતી જેમાંથી ૧૨૦ બ્લડની બોટલ સિવિલ હોસ્પિટલ બ્લડ બેંક અને ૮૨ બોટલ ફિલ્ડમાર્શલ બ્લડ બેંક ખાતે લોહીની જરૂર છે તેવા દર્દી નારાયણના ઉપયોગમાં લેવામાં આવશે આ કાર્યક્રમમાં પૂજ્ય સાધુ સંતો અને રાજકીય અને સામાજિક અગ્રણીઓના હસ્તે દીપ પ્રાગટય કરવામાં આવ્યું હતું આ કેમ્પમાં રકતદાન કરનાર તમામ રક્તદાતાઓનું આકર્ષક ગિફ્ટ આપી સન્માન કરવામાં આવ્યું હતું.

# જીલ્લા ભાજપમાં મિડીયા ઈન્ચાર્જ તરીકે અરૂણ નિર્મળની વરણી થતા જીવદયાકાર્ય સાથે ઉજવણી કરી

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ,તા.૧૪

જીવદયા ગ્રૂપના અરૂણભાઈ નિર્મળની જીલ્લા ભાજપના પ્રેસ મીડીયામાં ઇન્ચાર્જ તરીકે નિયુકતી થતા માછલાઓને ગાંઠીયા તથા બિસ્કીટ ખવડાવી જીવદયાના કાર્ય સાથે ઉજવણી કરી હતી. અરૂણભાઈએ પોતાના પરિવાર હર્ષાબેન, જય, રિકિતા, ભૂમીકાબેન અલકેશકુમાર ખત્રી તથા લકેશકુમાર ખત્રીએ ન્યારી ડેમ ખાતે



માછલાઓને ગાંઠીયા અને બિસ્કીટ ખવડાવી ઉજવણી કરી હતી.

## આજે વિશ્વ રક્તદાતા દિવસ

# રકતદાન કરવાથી કેટલાય લોકોને નવું જીવન આપી શકાય

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ, તા.૧૪

દર વર્ષે ૧૪ જૂને વિશ્વ રક્તદાતા દિવસ મનાવવામાં આવે છે. વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશનને વર્ષ ૨૦૦૪ થી લોકોને રક્ત આપીને નવું જીવનદાન કરતા રક્તદાતાઓને પ્રોત્સાહિત કરવા અને તેમનું મહત્વ વધારવા માટે આ દિવસ મનાવવાની શરૂઆત કરી હતી. આજે વિશ્વ રક્તદાતા દિવસ પર રાજકોટ સહિત સૌરાષ્ટ્ર ભરમાં વિવિધ સંસ્થાઓ અને લોકો દ્વારા રક્તદાન કેમ્પનું આયોજન કર્યું છે. વિશ્વ રક્તદાતા દિવસ મનાવવાનો મુખ્ય ઉદ્દેશ્ય છે કે, લોકોને રક્તદાન માટે જાગૃત કરવામાં આવે. સ્વૈચ્છાએ બ્લડ ડોનેટ કરવાથી બ્લડ બેંકમાં પર્યાપ્ત માત્રામાં બ્લડ ઉપલબ્ધ રહેશે. જેનાથી જરૂર પડવા પર દર્દીને સરળતાથી બ્લડ મળી શકે. રક્તદાન કરવાથી કેટલાય લોકોને નવું જીવન આપી શકાય છે.(૧.૧)

# જસદણ આરોગ્ય કેન્દ્ર ડોકટરોની ખાલી જગ્યા ભરો

**સરકારી હોસ્પિટલમાં ડોકટરોની તાત્કાલિક નિમણૂંક કરવા તંત્રને સરપંચની અપીલ**

**(અમારા પ્રતિનિધિ દ્વારા)**
જસદણ, તા.૧૪

જસદણના સામુહિક આરોગ્ય કેન્દ્રને રાજ્ય સરકારના આરોગ્ય તંત્ર દ્વારા અપગ્રેડ કરવાને ખાસ્સો એવો સમય થઈ ગયો હોવા છતાં હજું વિવિધ ડોકટરો અને સ્ટાફ ન ભરવામાં આવતાં લોકોને ન છૂટકે રાજકોટ સારવાર લેવા માટે જવું પડતું હોવાનું શહેરના યુવા સામાજિક કાર્યકર પટેલ હરિભાઈ વેલજીભાઈ હિરપરાએ જણાવ્યું હતુ.

રાજયના આરોગ્ય તંત્રએ જસદણના સામુહિક આરોગ્ય તંત્રને પચાસ પથારી વાળી હોસ્પિટલ બનાવવાની અને જરૂરી ડોકટરો અને સ્ટાફ મુકવાની લાંબા સમયથી બહાલી આપી દીધી છે પણ આ હોસ્પિટલમાં જરૂરી ડોકટરો ન હોવાથી જસદણ અને વીંછીયા તાલુકાના ગરીબ અને મધ્યમવર્ગના લોકોને સરકારી મફત સારવાર લેવા માટે રાજકોટ સુધી જવું પડે છે. વધુમાં હરિભાઈ પટેલએ જણાવ્યું હતું કે આ બંને તાલુકામાં મોટા ભાગે



આર્થિક રીતે પછાત લોકો રહે છે. સામાન્ય દર્દો કે અકસ્માત બનતાં દર્દીઓને વધુ સારવાર માટે રાજકોટ રીફર કરી દેવામાં આવે છે, સ્વભાવિક છે કે રાજકોટ જતાં કેટલાં દર્દીઓના મૃત્યુ તાત્કાલિક સારવારના અભાવે થયાં છે અને દર્દીઓ પર આર્થિક ભારણ પણ વધી જાય છે.

ત્યારે જસદણની આ સરકારી હોસ્પિટલમાં જનરલ સર્જન, બાળરોગ, સ્ત્રીરોગ, એમ એસ, ચામડી, ફિઝિશયન જેવાં અનેક ડોકટરો અને સ્ટાફની નિમણુંક કરવામાં આવે તો જસદણ વીંછીયા પંથકમાં અનેક ગરીબ મધ્યમ વર્ગના લોકોને રાહત મળશે એમ અંતમાં હરિભાઈ હિરપરાએ જણાવ્યું હતું.(૧૪.૪)

## ચક્ષુદાન પ્રવૃત્તિને વેગ આપવા

# ચક્ષુદાન જનજાગૃતિ સમિતિ દ્વારા ચક્ષુદાન હેલ્પલાઈન ૨૪×૭ નો પ્રારંભ

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ, તા.૧૪

રાજકોટ શહેરમાં વધુ ને વધુ મૃત્યુ બાદ ચક્ષુદાન થાય, શહેરીજનો ચક્ષુદાન પ્રવૃત્તિમાં રસ લેતા થાય અને શહેરીજનો પોતાના પરિવારનાં સ્વજન, સગા સંબંધી કે આડોશ પડોશમાં મિત્રો કે પરિચિતોમાં કોઈનું અવસાન થાય તો મૃત્યુ બાદ ચક્ષુદાન કરાવે તેવા શુભ આશયથી ચક્ષુદાન પ્રવૃત્તિને વેગવાન બનાવવા અને પોતાના સ્વજનનાં અવસાનનાં દુ:ખદ બનાવની વેળાએ સરળતાથી ચક્ષુદાન થાય તે માટે સેવા સંસ્થા વિવેકાનંદ યુથ કમળ પ્રેરિત ચક્ષુદાન જનજાગૃતિ અભિયાન સમિતિ દ્વારા ચક્ષુદાન હેલ્પલાઇન ૨૪×૭ નો પ્રારંભ કરવામાં આવેલ છે.

જે અંતર્ગત કોઈના પણ મૃત્યુ બાદ ચક્ષુદાન કરવા માટે ચક્ષુદાન હેલ્પલાઇનનાં અનુપમ દોશી- ૯૪૨૮૨૩૩૭૯૬, ઉપેનભાઈ મોદી- ૯૮૨૪૦૪૩૧૪૩, મુકેશભાઈ દોશી- ૯૮૨૫૦૭૭૭૨૫, મીતલ ખેતાણી- ૯૮૨૪૨૨૧૯૯૯, ઉમેશ મહેતા- ૯૪૨૮૫૦૬૦૧૧, કિશોરભાઈ રાઠોડ- ૯૮૨૪૨૯૧૬૯૬, સુનીલ વોરા- ૯૮૨૫૨૧૭૩૨૦, નલીન તન્ના- ૯૮૨૫૭૬૦૫૫૫, તેમજ સિવિલ હોસ્પિટલ ચક્ષુબેંક ૮૦૦૦૨૧૨૦૧૨ નો સંપર્ક કોઈ પણ સમયે સાધવા અને ટ્રસ્ટી હીનોને ટ્રસ્ટ મળી રહે તેવા શુભકાર્યમાં સહયોગ આપવા વિનંતી છે.

## પૂર્વ ગુજરાત પ્રાંત સંઘ ચાલક અમૃતભાઈ કડીવાલાના અવસાન પ્રત્યે ઘેરા શોકની લાગણી વ્યકત કરતા શાહ


ગાંધીનગર: રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના પૂર્વ ગુજરાત પ્રાંત સંઘચાલક અમૃતભાઈ કડીવાલાના થયેલા દુ:ખદ અવસાન પ્રત્યે ગાંધીનગર લોકસભા મતક્ષેત્રના સાંસદ અને કેન્દ્રીય ગૃહમંત્રી અમિતભાઇ શાહે ઘેરા શોકની લાગણી વ્યક્ત કરી હતી. શાહે આઘાતની લાગણી વ્યક્ત કરતા કહ્યું હતું કે કડીવાલા એ પોતાનું સમગ્ર જીવન માં ભારતી અને રાષ્ટ્રની સેવામાં સમર્પિત કર્યું હતું. તેઓના અવસાનથી આપણે પ્રખર રાષ્ટ્ર ભક્ત ગુમાવ્યા છે.

# રકતદાન કરો અને કરાવો, આજના સમયમાં તાતી જરૂરિયાત

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ,તા.૧૪

જો બ્લડ બેન્કમાં પર્યાપ્ત માત્રામાં બ્લડ ઉપલબ્દ રહેશેતો લોહીની ઉણથને કારણે કોઈ વ્યક્તિનું મૃત્યુ થશે નહિ.

વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશનએ વર્ષ ૨૦૦૪ થી લોકોને રક્ત આપીને નવું જીવનદાન કરતા રક્તદાતાઓને પ્રોત્સાહિત કરવા અને તેમનું મહત્વ વધારવા માટે આ દિવસ મનાંવવાની શરૂઆત કરી હતી ત્યારથી દર વર્ષે ૧૪ જુનને વિશ્વ રક્તદાતા દિવસ



માનવામાં આવે છે.

**- સંકલન: ઈસ્માઈલભાઈ ટીનવાળા**

(અનુ.છેલ્લા પાનાનુ ચાલુ)

## મહંત આપઘાત કેસઃ પુરાવાનો નાસ અને કાવતરાની કલમનો ઉમેરો

રાજકોટ માટે રવાના થાય છે જયારે ડોકટર નિલેશ નિમાવત દવારા સાધુ જયરામદાસનો મરણનો દાખલો જેમાં દાખલ ટાઇમ કલાક. ૦૬ / ૦૦અખ તથા મરણનો ટાઇમ કલાક .૦૮ / ૧૫ અખ નાં આપવામાં આવેલ છે, પરંતુ સાધુજયરામદાસની લાશ જે કલાક.૧૦/૩૦ વાગ્યા પછી આશ્રમથી રવાના થયેલ હોય તો પ્રાથમીક રીતે ડેથ સર્ટીફીકેટ ખોટુ હોવાનું જણાયેલ જેથી તે આધારે તપાસ કરતા ડોકટર નિલેશ નિમાવત જે આશ્રમનાં સેવક હોય અને મરણ જાહેર કરવા માટે માત્ર ડેથ સર્ટીફીકેટ બનાવી અને મરણજનારનું મોત હાર્ટ એટેકથી જાહેર કરેલ છે.જે હકિકત તપાસ દરમ્યાન ખુલેલ છે અને ડોક્ટર નિલેશ નિમાવતની મરણજનારનાં મોતને કુદરતી મૃત્યુમાં ખપાવવા માટેની સ્પષ્ટ ભુમીકા આવેલ છે. ખોડીયારધામ આશ્રમનાં ટ્રસ્ટનાં ટ્રસ્ટી રક્ષિતભાઇ કલોલા દ્વારા તા.૩૦/૦૫/૨૦૨૧ નાં રોજ આરોપી વિક્રમ ભરવાડ સાથે સદરહુ આશ્રમમાં આવવું તથા હાજરીમાં આરોપી વિક્રમ ભરવાડ દ્વારા સાધુ જયરામદાસબાપુને લાકડીથી માર મારવામાં આવેલ છે તેમજ જયરામદાસબાપુનાં મૃત્યુ બાદ સ્યુસાઇડ નોટ પોતાનાં કન્જામાં રાખવામાં આવેલ હતી તેમજ સાધુજયરામદાસની લાશ જેવી બનાવ સ્થળે ઉપરના માળેથી નિચે ઉતરે છે તે પછી તુરંતજ ઉપરનાં રૂમની સાફસફાઇ કરવાની સુચના રક્ષીત કલોલા દ્વારા આપવામાં આવેલ હોય અને બાપુનું મૃત્યુ કુદરતી રીતે થયેલ હોવાનું ડોકટર નિલેશ નીમાવત તથા રક્ષીત કલોલા દ્વારા આયોજન થયેલ હોય. મરણજનાર સાધુ જયરામદાસબાપુના મોબાઈલમાથી સલ્ફોસ નામના ઝેરી ટીકડા ના ફોટાથી ઝેરી ટીકડાના પુરાવા પણ મળેલ છે અને સ્યુસાઇડનો ફોટો જે સાધુરઘુવિરદાસને રક્ષિત કલોલા દ્વારા મોકલવામાં આવેલ હોય આમ ડોકટર નિલેશ નિમાવત તથા વકિલ રક્ષીત કલોલા જેઓની બાપુનું મોત ઝેરી દવાનાં કારણે નહી પરંતુ કુદરતી રીતે એટેક આવવાનાં કારણે જોઇ જાણી અને ગુન્હાહીત કાવત્રુ રચી અને પુરાવનો નાશ કરવામાં આવેલ હોય તેમજ ડોકટર નિલેશ નિમાવત દ્વારા કહેવાતું ડેથ સર્ટીફીકેટ આપી અને આ બંન્ને આરોપીઓએ આઇ.પી.સી. કલમ.૨૦૧,૧૦ ૨બી , ૪૬૫,૪૭૭ , મુજબ ગુન્હો આચરેલ હોય જેથી કલમનો ઉમેરો કરવામાં આવેલ છે અને આ કામનાં આરોપીઓને પકડવા માટે અલગ અલગ ટીમો દ્વારા તપાસ કરવામાં આવી રહેલ છે. આરોપી અલ્પેશ સોલંકી અને હિતશ જાદવની હિટાચી તથા બોલેરો તથા સ્વીફ્ટ વાહન કબ્બે કરવામા આવેલ છે.

## સૌ.યુનિ.ના ઉપકુલપતિને NSUIએ કાજુ-બદામ આપી ૫૦% ફી માફી વાલીઓને આપવા માંગ કરી

કાજુ બદામ આપી વિરોધ દર્શાવ્યો. NSUIના પ્રમુખ રોહિતસિંહ રાજપૂતે જણાવ્યું હતું કે સતાધીશોને વિદ્યાર્થીઓની વેદના ,વ્યથા અને પરિસ્થિતિથી વાકેફ કર્યા છે તે ભૂલી ના જાય તે માટે કાજુ બદામ આપ્યા છે. સત્તાધીશો એ પણ ના ભૂલે કે ગઅઅઈ ના મૂલ્યાંકનમાં ગ્રેડ ગગડ્યો હતો હવે તમે ફરી અપીલમાં ગયા છો એટલે જોજો . સત્તાધીશોએ પણ યાદ રાખે કે યુનિ.નું કરોડોનું FD એ વિદ્યાર્થીઓની અલગ અલગ ફીઓથી અને તેના વાલીઓએ ભરેલ ટેક્સના છે. એટલે તેનો સદુપયોગ કરવામાં આવે. આ રજુઆતમા NSUIના પ્રદેશ ઉપપ્રમુખ સુરજભાઈ ડેર, રાજકોટ જીલ્લા NSUI પ્રમુખ રોહિતસિંહ રાજપુત, ઉપપ્રમુખ અભિરાજ તલાટીયા, મીત પટેલ, મોહીલ ડવ, પાર્થ બગડા.યુથ કોંગ્રેસના મહામંત્રી મૌલેશ મકવાણા , હુસેન હીરાણી, મોહમદ બાવાણી, જીત સોની ,આશિષ ગઢવી સહિત કાર્યકરો જોડાયા હતા.

## ગુજરાતમાં કલાસીસો ક્યારે અનલોક થશેઃ એફ.એ.એ

શીખવા અને ટ્રેનીંગ લેવા આવે છે. જે મરજિયાત છે. સ્કૂલ માફક ફરજીયાત નથી. કોચિંગ કલાસીસ ૧૫-૧૫ મહિનાથી બંધ છે તો કલાસીસ સંચાલકો અને શિક્ષકો ગુજરાત સરકારને પૂછવા માંગે છે કે, અમે કલાસીસનાં અને ઘરના ભાડા ક્યાંથી ભરીશું? બેંકનાં હપ્તાનું શું? પોતાનું અને સાથે કામ કરતા શિક્ષકોનું ઘર કેમ ચલાવવું? પગાર ક્યાંથી કાઢવા? કલાસીસ ન ખોલવાથી બેરોજગારી વધશે કે ઘટશે? ઓનલાઈન કલાસીસમાં ધો.૧૦ અને ધો.૧૨ તથા ઉઊઊ/ગઊઊઝ/ઈઅ જેવા મહત્વનાં વર્ષનાં વિદ્યાર્થીઓને ખરેખર કેટલું સમજાય છે?

(અનુ.પ્રથમ પાનાનુ ચાલુ)

## હે રામ! અયોધ્યામાં મંદિર માટે જમીન ખરીદીમાં કૌભાંડ??

પત્રકાર પરીષદમાં આ ભેદી સોદાની વિગતો રજૂ કરી હતી.તેમણે સવાલ કર્યો હતો કે, અયોધ્યામાં જમીનો સોનાની ખાણ બની રહી છે એટલ મોટો લાભ ખાટવા માટે ખુદ ટ્રસ્ટીઓએ રૂ.૨ કરોડની જમીનનો થોડી મીનીટો બાદ જ રૂ.૧૮.૫૦ કરોડમાં સોદો કરી નાખ્યો? બન્ને પ્રકારના વેચાણ ખતમાં ખુદ અયોધ્યાના મેયર તેમજ મંદિર ટ્રસ્ટીની સાક્ષી તરીકેની સહીયો છે. રામ મંદિર ટ્રસ્ટના ટ્રસ્ટીઓએ આક્ષેપો નકારી કાઢયા છે અને રાજકીય દુષ્પ્રચાર સમાન ગણાવ્યા છે. ટ્રસ્ટી ચંપતરાય દ્વારા એક નિવેદનમાં એવો દાવો કરવામાં આવ્યો છે કે, જે કાંઇ વેંચાણ અને સોદા થાય છે એ યોગ્ય રીતે અને કાનુની માર્ગે થાય છે. કોર્ટ ફી, ચુકવણી અને સ્ટેમ્પ પેપરની ખરીદી પણ ઓનલાઇન થાય છે. જમીન વેચનારના ખાતામાં ઓનલાઇન નાણા ટ્રાન્ફર કરવામાં આવે છે. દરમ્યાન અંસારીનો કોઇ સંપર્ક થયો ન હોતો પણ તિવારીએ જણાવ્યું હતું કે, પાઠક બંધુઓ સાથે ધણા વર્ષો પહેલા સોદો નક્કી થયો હતો. પણ સુપ્રિમના ચુકાદા બાદ જમીનના ભાવ આશમાને પહોંચી ગયા છે. એટલે ૨ કરોડની કિંમતની જમીનનો ભાવ રૂ.૨૦ કરોડ થઇ ગયો છે. છતાં ધાર્મીક કાર્ય હોવાથી રૂ.૧૮.૫ કરોડમાં સોદો કરવામાં આવ્યો છે. રામ જન્મભુમિ ટ્રસ્ટના મંત્રી ચંપક રાયે તપાસની ખાત્રી આપી છે. જયારે મેયર ઉપાધ્યાયે કોઇ ટીપ્પણી કરવાનું નકાર્યુ હતું અને મામલો ટ્રસ્ટ પર છોડી દીધો હતો. 'આપ' અને સમાજવાદી પાર્ટીએ દસ્તાવેજી પુરાવા સાથે આક્ષેપ કર્યો છે કે, હવેલી અવધ વિસ્તારમાં બાગ બીઝાયસી ગામની અંદર ૧૨૦૮૦ ચોરસ મીટર પ્લોટનો આ સોદો થયો છે જેમાં ઉપર દર્શાવ્યા મુજબ ગેરરીતીઓ દર્શાવવામાં આવી છે. ટ્રસ્ટે તમામ આક્ષેપો નકારી કાઢયા છે અને દાવો કર્યો છે કે, તમામ જમીનની ખરીદી બજાર ભાવ કરતા પણ ઓછી કિંમતે કરવામાં આવી છે.

## ગુજરાતમાં ભાજપ અને કોંગ્રેસ એક જ છે : કેજરીવાલ

રહયા છે. આ રીતે આ બન્ને મુખ્ય પક્ષોએ ગુજરાતને અનાથ હાલતમાં છોડી દીધુ છે. તેમણે કહયું હતું કે, દિલ્હીમાં વીજળી ફ્રી આપી શકાય છે તો ગુજરાતમાં કેમ મોંધી છે?, યુવાનો બેરોજગાર થઇ રહયા છે, શાળાઓમાં શિક્ષણ શારૂ નથી અપાતું, અહીંનું રાજકારણ પણ મેલુ છે, મુખ્ય બન્ને પક્ષો સાથે મળીને ચૂંટણીઓ લડે છે. તેમણે હુંકાર કર્યો હતો કે ગુજરાતનું આવું મોડેલ ગુજરાતમાં જ રહેશે. હવે ગુજરાતના લોકો પોતાનું મોડેલ ખુદ પોતે તૈયાર કરશે. આજ પ્રખ્યાત પત્રકાર અને વીટીવી ચેનલના પૂર્વ વડા ઇશુદાન ગઢવી સહિતના અનેક અગ્રણીઓ કેજરીવાલની હાજરીમાં આમ આદમી પાર્ટીમાં જોડાયા હતા. કેજરીવાલના દરેક કાર્યક્રમ સ્થળે જંગી પોલીસ બંદોબસ્ત ગોઢવવામાં આવ્યો હતો. 'આપ'માં જોડાયા બાદ ભાવુક બનેલા ઇશુદાન ગઢવીએ જણાવ્યું હતું કે, જનતાએ મને બહુ પ્રેમ આપ્યો, મેં પત્રકાર તરીકે વિચાર્યુ પણ ન હોતું કે હું આ સ્ટેજ પર આવીશ. વાલીઓ, વેપારી, ખેડૂતોના મુદ્દા પર મેં ખુબ ચર્ચા કરી છે. પણ હવે લાગે છે કે, બમણી મહેનત કરવી પડશે. એટલે જ હું રાજકારણમાં આવ્યો છું. સીસ્ટમની ગંદકી દુર કરવા માટે રાજનીતિમાં આવવું પડયું છે. ગુજરાતનો ઇતિહાસ બદલવા જઇ રહયો છે. અમે રાજનીતિની ગંદકી દુર કરવા કોશીષ કરશું. કોંગ્રેસ પણ એ કરી શકી નથી એમણે કહયું હતું કે, જનતાને હવે સારો વિકલ્પ જોઇએ છે. કેજરીવાલની આ મુલાકાત સાથે ગુજરાતના રાજકારણમાં ભારે ગરમાવો આવી ગયો છે. અનેક નવા સમીકરણો રચાઇ તેવી શકયતા છે. કેજરીવાલની યાત્રા સમયે પાર્ટી કાર્યાલયની બહાર મહિલા કાર્યકર બબીતા જૈન અને અન્યોએ ગુલાબના ફુલથી અરવિંદ કેજરીવાલ એવું લખ્યું હતું. આ પ્રસંગે 'આપ'ના પ્રદેશ પ્રમુખ ગોપાલ ઇટાલીયા, અમદાવાદ શહેર પ્રમુખ જે.જે.મેવાડા, ભેમાભાઇ ચૌધરી સહિતના આગેવાનો અને કાર્યકરો મોટી સંખ્યામાં હાજર રહયા હતા.

## દેશમાં નવા ૭૦ હજારથી વધુ કોરોના કેસ, ૩૯૨૧નાં મોત

વધીને ૩,૭૪,૩૦૫ થઇ ગયો છે. કર્ણાટકમાં પણ અનલોકની પ્રક્રિયા શરૂ કરી દેવામાં આવી છે. બેંગ્લોર અને અન્યત્ર બાગ-બગીચા, દુકાનો ખોલવામાં આવી રહયા છે. અન્ય છુટછાટો પણ જાહેર થઇ રહી છે. દેશમાં કુલ કેસોની સંખ્યા હવે વધીને ૨,૯૫,૧૦,૪૧૦ થઇ ગઇ છે. દિલ્હીમાં હવે માર્કેટો, હેરસલુન અને દુકાનો ખોલવામાં આવી રહયા છે.

# બિલ્ડરના ત્રાસથી પરિવારે સામૂહિક આપઘાત કરવા ઘર છોડયું

## પોલીસ કમિશ્નરને સંબોધીને લખેલી ચાર પાનાની સ્યુસાઈડ નોટ મળી આવતા પોલીસે તપાસ હાથ ધરી





(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ તા.૧૪

કાલાવડ રોડ આવેલા પ્રધ્યુંમન ગ્રીન સિટીમાં રહેતા પટેલ પરિવાર બિલ્ડરના ત્રાસથી અને છેતરપિંડીથી ધંધો હડપ કરી જઈ બાકીની રકમ નહિ ચૂકવી પરિવારને રસ્તે રજડતો કરી દઈ આપઘાતની ફરજ પડે તેવા સંજોગો ઉભા કરતા પટેલ પરિવારએ ઘર છોડી દેતા પોલીસે શોધખોળ આદરી છે. કાલાવડ રોડપર આવેલા પ્રધ્યુંમન ગ્રીનસીટીમાં રહેતા ટયુશન કલાસીસનાં સંચાલક કિરણભાઈ ગોરધનભાઈ મકવાણા નામના પટેલ યુવાને તાલુકા પોલીસમાં તેનો નાનો ભાઈ વિજય ગોરધન મકવાણા તેની પત્ની કાજલ તથા પુત્રી નિયતિ ગુમ થતા હોવાનું અને તેના ભાઈએ શહેર પોલીસ કમિશનરને સંબોધન કરીને લખેલી ચાર પાનાની સ્યુસાઈડ નોટ પણ પોલીસે આપી છે.

ગત તા. ૧૦/૬ નાં રોજ ગુમ થયેલા વિજયભાઈ મકવાણાએ લખેલી ચાર પાનાની સ્યુસાઈટ નોટમાં જણાવ્યું છે કે શહેરનાં નામચીન બિલ્ડર જે.પી જાડેજા નું નામ આપ્યું છે તેની લખેલી નોટ પ્રમાણે અગાઉ તેઓને ધંધો માટે નાણાની જરૂરિયાત ઉભી થતા જે.પી જાડેજા પાસેથી રૂ.૨.૫૦ કરોડ ૩ ટકાના વ્યાજે લીધા છે. સમય જતા ધંધો બરોબર નહિ ચાલતા બેંક લોનના હપ્તા ભરી નહિ સકતા કાલાવડ રોડપર આવેલા કે.કે.વી હોલ પાસે અંદાજે રૂ ૧૫-૧૬ કારોડની કિમતનું બિલ્ડીંગ બેન્ક વાળા સીલ કરી શકે તેમ હોય જેથી જે.પી જાડેજા એ ભાગીદારી કરી લોનની રકમ ભરપાઈ કરતા તેઓને આપવાના થતા ૯.૫૦ કરોડ આ બિલ્ડીંગ વેચાણ કરી આપી હોવાનું જણવ્યું હતું. પરંતુ બિલ્ડીંગ જે.પી જાડેજા ખરીદી કરી લેતા ઉપરનાં અંદાજે રૂ.૪ કરોડ જે.પી જાડેજા એ આપવાના હોય આ રકમ જે.પી જાડેજા એ નહિ ચુકવતા તેના પારીવાર રસ્તે રજળતા થઈ જાતા તેનો પરિવાર સાથે સામૂહિક આપઘાત કરવાનું નક્કી કરી ગઈ તા.૧૦/૬ નાં રોજ ઘર છોડી દીધું હતું બનાવ બાદ વિજયભાઈ મકવાણા નાં ભાઈ કિરણભાઈ તાલુકા પોલીસમાં તેનો ભાઈએ તેનો પરિવાર ગુમ થવાથી જાણ કરતા તાલુકા પોલીસનાં પી.આઈ જે.પી ધોળાએ પ્રાથમિક તપાસ હાથ ધરી છે.

## બિલ્ડીંગનાં વિવાદ અંગે જે.પી જાડેજાએ માલવિયા પોલીસમાં અરજી કરી

શહેરનાં કાલાવડ રોડપર પ્રધ્યુંમન ગ્રીન સીટીમાં રહેતા પટેલ પરિવાર ગુમ થતા અને સામુહિક આપઘાત કરી અને તેની ચાર પાનાની સ્યુસાઈટ નોટ મળી આવતા પોલીસે તપાસ હાથ ધરી હતી. જેમાં જણવા મળ્યું છે કે પટેલ પરિવાર જેના કારણે રસ્તે રજડતો થયો અને જેને છેતરપિંડી કરી છે તે વ્યક્તિ જે.પી.જાડેજાનાં કારણે પટેલ પરિવાર ઘર છોડ્યું છે અને સામૂહિક આપઘાત કરી લેતા તેના જવાબદાર જે.પી જાડેજા હશે તેવો ઉલ્લેખ કરવામાં આવ્યો છે તાલુકા પોલીસે તપાસ કરતા સામા પક્ષે જે.પી જાડેજાએ પોલીસમાં અરજી કરી છે જેમાં પી.આઈ એન.કે ભૂકણ નાં જણાવ્યા પ્રમાણે જે.પી જાડેજા એ કરેલી અરજીમાં કે.કે વી હોલ પાસે થી બિલ્ડીંગ મિલકતમાં પટેલ યુવાનનાં કોઈ હિસો નથી તેને કોઈ રકમ ચૂકવાની નથી તેઓ ખોટી રીતે તેને હેરાન કરતા હોય તેવું લખ્યું હોય જેથી પોલીસે તપાસ હાથ ધરી છે.

# વડિયાની ગોવર્ધન ગૌશાળા ખાતે કરવામાં આવ્યું વૃક્ષારોપણ

## વડિયા વેપારી અગ્રણી ચાંપરાજભાઈ બસીયા દ્વારા વૃક્ષ અને પિંજરા સહીત દાન કરવામા આવ્યું



(અમારા પ્રતિનિધિ દ્વારા)
વડિયા, તા.૧૪

કોરોના કાળમાં ઓક્સિજનનું મહત્વ અને કિંમત સમજાઈ છે. ત્યારે ચોમાસુ આવતા જ ઠેર ઠેર વૃક્ષારોપણની ઝુંબેશ થતી જોવા મળે છે. વડિયાની સેવાભાવી સંસ્થા ગોવર્ધન ગૌશાળા કે જે રખડતી અને બીમાર ગાયોની સેવા, અંતિમ રથ, એમ્બ્યુલન્સ જેવી સેવા વડિયા વિસ્તારમાં પૂરી પાડે છે તે ગૌશાળાના કમ્પાઉન્ડ અને બાઉન્ટ્રી માં આજે વૃક્ષારોપણ કરવામાં આવ્યું. આ તમામ વૃક્ષ વાડિયાના વેપારી અગ્રણી અને પર્યાવરણ પ્રેમી ચાપરાજભાઈ બસીયા દ્વારા વૃક્ષ ના રોપા અને પિંજરા દાન આપી વડિયાના અગ્રણીઓ જિલ્લા પંચાયત સદસ્ય વિપુલ રાંક, પીએસઆઇ સાંબડ, ઉપસરપંચ છગન ઢોલરીયા, મનીષ ઢોલરીયા, દિનેશભાઇ સેજપાલ, ચંદ્રસિંહ પરમાર સહીત ગોવર્ધન ગૌશાળા સાથે જોડાયેલા લોકો દ્વારા વૃક્ષારોપણ કરી તેને ઉછેર કરવાની ખાતરી આપી હતી. આ તકે ચાપરાજભાઈ બસીયા દ્વારા જણાવાયું હતું કે, વડિયા વિસ્તારમાં અમે સો જેટલાં વૃક્ષ વાવીને તેનો ઉછેર પણ કરીશું.

આ અગાઉ પણ તેમને વડિયાના પીપળીયા રોડ પર વૃક્ષારોપણ કરી તેનો ઉછેર કર્યો હતો. આમ જો દરેક ગામમાં પ્રકૃતિ અને પર્યાવરણ પ્રેમીઓને ગામના આગેવાનો, સેવાભાવી સંસ્થાઓ અને લોકોનો સાથ મળે તો ચોક્કસ ગામને હરીયાળુ બનાવીને ગ્લોબલ વોર્મિંગની સમસ્યાને નિવારી શકાય.

### અંકલેશ્વર નગરપાલિકા દ્વારા

# પ્રિ-મોન્સૂન કામગીરીના ભાગરૂપે જર્જરિત મકાન ધારકોને નોટીસ ફટકારી


(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
અંકલેશ્વર, તા.૧૪

અંકલેશ્વર પાલિકા દ્વારા પ્રિ મોન્સૂન કામગીરીના ભાગરૂપે પુનઃ એકવાર જર્જરિત ઇમારતો સર્વે હાથ ધરાયો છે જેમાં સ્ટેશન વિસ્તાર, હસ્તી તળાવ વિસ્તાર સહીત એસ.એ. મોટર્સ વિસ્તારમાં સર્વે કરી ગોલ્ડન એપાર્ટમેન્ટ માં - ૨૧, હસ્તી તળાવ ગુજરાત હાઉસિંગ બોર્ડ માં -૧૯૦, બેન્ઝીર ટાવર- ૨૪ અને જનતા એપાર્ટમેન્ટ ૩૨ જર્જરિત મકાન ધારકોને નોટીસ ફટાકડી હતી અને તેવો દિન ૧૫ની મહેતલ આપી પોતાના મકાનનો જર્જરિત ભાગ ઉતારી લેવાની તાકીદ કરી છે. શહેરમાં ૨ દિવસ પૂર્વે જ ચોમાસા શરૂઆત થાય એ પૂર્વે મેવાડા ફળીયામાં એક મકાન ધરાશય થયું હતું જેને લઇ આજુબાજુ ના બે મકાન ને પણ ક્ષતિ પહોંચી હતી.

જેને લઇ કોઈ જાનહાની ના સર્જાય તે માટે પાલિકા દ્વારા પુનઃ એકવાર સર્વે હાથ ધરી પ્રાથમિક તબક્કામાં અંકલેશ્વર પૂર્વ અને મધ્ય ભાગ માં સર્વે કરી હાલ ૨૫૭ જર્જરિત મકાન ધારકોને નોટીસ ફટકારી હતી તેમજ તેમને જર્જરિત મકાન ઉતારી લેવા પણ તાકીદ કરાઈ હોવાનું પાલિકા પ્રમુખ વિનય વસાવા એ જણાવ્યું હતું અને આગામી દિવસો પણ સર્વેની કામગીરી ચાલુ રહેશે તેમજ જેમને નોટિસ આપી છે. તેવા મકાનનો પુનઃ સર્વે કરવામાં આવશે અને નોટિસ બાદ પણ જર્જરિત ભાગ દેખાશે તો તેમની સામે પાલિકા અધિનિયમ હેઠળ કાર્યવાહી કરાશે તેમ જણાવ્યું હતું.

# અંકલેશ્વરના અવાદર ગામના પ્રગતિશીલ ખેડૂતે કાળા તલની ખેતી કરી મબલખ ઉત્પાદન મેળવ્યું





(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
અંકલેશ્વર, તા.૧૪


અંકલેશ્વર તાલુકાના અવાદર ગામના એક પ્રગતિશીલ ખેડૂતે કાળા તલની ખેતી કરી મબલખ ઉત્પાદન મેળવ્યું છે તેઓએ તલની કાપણી કર્યા બાદ દેશી પધ્ધતિ અપનાવી તલના પાકની ઉપજ મેળવી છે,કાળા તલ આરોગ્યવર્ધક અને હોમહવનમાં ઉપયોગમાં લેવામાં આવતા હોવાથી તેની માંગ વધુ છે. કૃષિ ક્ષેત્રે અનેક સંશોધનો થઇ રહ્યા છે ખેડૂતો ખેતીની જૂની ઢબ છોડી વૈજ્ઞાનિક ઢબે ખેતી કરતા થયા છે, લાંબા ગાળાની ખેતીની સાથે હવે ટૂંકા ગાળાની ખેતી તરફ ડગ માંડી મબલખ ઉપજ મેળવી રહ્યા છે, અંકલેશ્વર પંથકમાં તલની ખેતી જોવા મળતી નથી જેમાં ખાસ કરીને કાળા તલની ખેતી ભાગ્યે જ જોવા મળે છે ત્યારે અંકલેશ્વરના અવાદર ગામના ખેડૂત મિલન ભાઈ પટેલે પોતાના ૩૦ વીંઘાના ખેતરમાં કાળા તલનું વાવતેર કર્યું છે, તલનો પાક તૈયાર થતા તેઓ એ કાપણી કરી ખેતર માં સૂકવવા માટે મુક્યો છે તલનો પાક સુકાયા બાદ પાકને લેવા માટે તેઓએ આધુનીક ખેતીના સાધનોના બદલે પરંપરાગત દેશી પદ્ધતિ અપનાવી છે, શ્રમજીવી ઓ મારફતે તલ ના પાકને સાફ કરવા મોટાં ચારણામાં નાખી ચારવામાં આવે છે ત્યારબાદ કુદરતી પવન અથવા તો પંખો મૂકી પાકને સાફ કર્યા બાદ બેગમાં ભરી વેચાણ અર્થે માર્કેટમાં લઇ જવામાં આવે છે. કાળા તલ દવાઓમાં પણ વપરાય છે તેમજ આરોગ્ય વર્ધક અને ધાર્મીક વિધીમાં ખાસ વપરાતા હોવાથી માર્કેટમાં ભાવ પણ સારો મળી રહેતો હોવાના કારણે ખેડૂત મિલન પટેલે કાળા તલની ખેતી કરી અન્ય ખેડૂતો માટે પ્રેરણા રૂપ બન્યા છે.

### કાળા તલ દવા આરોગ્ય વર્ધક અને હોમહવનમાં ઉપયોગી

### રાજકોટના જુદા-જુદા વિસ્તારોમાં વાહકજન્ય રોગ નિયંત્રણ હેઠળ

# ૨૦૧ બાંધકામ સાઈટ અને ૧૪૦ હોસ્પિટલમાં મચ્છર ઉત્પતિ થાય તેવી પરિસ્થિતી






(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ,તા.૧૪

મેલેરિયા મુક્ત ગુજરાત, ૨૦૨૨ અભિયાન અને જુન માસ, મેલેરિયા વિરોધી માસ અંતર્ગત રાજકોટને મેલેરિયા મુકત કરવા અને લોકોમાં મચ્છભર ઉત્પતિ અને મેલેરિયા તથા ડેન્યુયિા - ચીકુનગુનિયા રોગ અટકાયત અંગે જાગૃતિ આવે તે માટે વિવિધ આરોગ્ય શિક્ષણ તથા જુદા - જુદા પ્રિમાઇસીસ તપાસી વાહક નિયંત્રણ કામગીરીની સઘન ઝુંબેશ હાથ ધરવામાં આવેલ છે જેમાં શહેરની ૨૦૧ બાંધકામ સાઇટ અને ૧૪૦ હોસ્પિટલમાં મચ્છર ઉત્પતિ સબબ તપાસ મચ્છર ઉત્પતિ અથવા મચ્છર ઉત્પતિ થાય તેવી પરિસ્થિતી જોવા મળી આવતા ૧૫૨ બાંધકામ સાઇટ અને ૯૯ હોસ્પિટલને નોટીસ આપવામાં આવી છે.

હાલ ચોમાસું નજીક હોય વરસાદી વાતાવરણ અને ભેજ ભર્યા માહોલમાં મચ્છરો વધુ સક્રિય થઈ જાય છે. ખાસ કરીને બાંધકામ સાઇટ કે જયાં મોટા ભાગે ઓછા પ્રકાશવાળા અને વધારે ભેજવાળા વાતાવરણમાં મચ્છર ઉત્પતિ માટે આદર્શ માહોલ પુરો પાડે છે. ખાસ કરીને બાંધકામની જગ્યાએ લીફટના ખાડા તથા બાંધકામ માટે ભરી રાખવામાં આવતા પાણી તથા સેલરમાં ભરાઇ રહેતા પાણીમાં તથા હોસ્પિટલ ખાતે અગાસી તથા પ્રિમાઇસીમાં પડેલ બિનજરૂરી ભંગાર, સુશોભન માટે રાખેલ ફુલછોડ વગેરેમાં મેલેરિયા તથા ડેન્ગ્યુ ફેલાવતા મચ્છરોની વૃદ્ધિ સહેલાઈથી થાય છે.

મેયર ડો. પ્રદિપ ડવ, ડેપ્યુટી મેયર ડો. દર્શિતાબેન શાહ, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન પુષ્કર પટેલ, મ્યુનિ. કમિશનર ઉદિત અગ્રવાલ, શાસક પક્ષ નેતા વિનુભાઇ ઘવા, દંડક સુરેન્દ્રસિંહ વાળા, આરોગ્ય સમિતી ચેરમેન ડો. રાજેશ્રીબેન ડોડીયાની સુચના અનુસાર આરોગ્ય અધિકારી ડો. લલીત વાજા, નાયબ આરોગ્ય અધિકારી ડો. પી. પી. રાઠોડ, નાયબ આરોગ્ય અધિકારી ડો. મનીષ ચુનારા તથા બાયોલોજીસ્ટ વૈશાલીબેન રાઠોડના માર્ગદર્શન હેઠળ મેલેરિયા વિભાગના કર્મચારીઓ દ્વારા ગત સપ્તાહ દરમ્યાન શહેરના મુખ્ય અને સંવેદનશીલ વિસ્તારોમાં ચાલતી બાંધકામ સાઇટો તથા હોસ્પિટલોનું ચેકીંગ તથા આરોગ્ય શિક્ષણની કામગીરી હાથ ઘરવામાં આવેલ છે. આ કામગીરીમાં જુદા - જુદા વિસ્તારોમાંથી કૂલ - ૨૦૧ બાંધકામ સાઇટ તથા કૂલ - ૧૪૦ હોસ્પિટલોની મચ્છર ઉત્પતિ સબબ મુલાકાત લઇ ૧૫૨ બાંધકામ સાઇટ તથા ૯૯ હોસ્પિટલોએ મચ્છરની ઉત્પતિ જોવા મળતા અથવા મચ્છર ઉત્પતિ થાય તેવી પરિસ્થિતી જોવા મળતા નોટીસ આપવામાં આવેલ છે. મેલેરિયાનો મચ્છર આપણા ઘરો તથા કામકાજના સ્થળે સંગ્રહિત કરેલ ચોખ્ખા અને સ્થિર પાણીમાં ઉત્પન્ન થાય છે. પાણીમાં જોવા મળતા પોરા/લાર્વા એ મચ્છરના બચ્ચા છે. જો પાણીનાં પાત્રોમાં મચ્છરના પોરા જોવા મળે તો પુખ્ત મચ્છર થાય તે પહેલા ત્વરિત તેનો નાશ કરવો.

### ૧૫૨ બાંધકામ સાઈટ અને ૯૯ હોસ્પિટલને નોટીસ

### કર્મનિષ્ઠ ૧૦૮ ના જવાનોએ

# ઘાયલ દર્દીની સારવાર સાથે રૂ.૬૮ હજારનો મુદ્દામાલ પરત કર્યા



(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ,તા.૧૪

ચિરાગભાઈ પાસે રૂ. ૧૫૦૦ ની રોકડ રકમ, સોનાની ચેન, ફોર વહીલરની ચાવી તેમજ રૂ. ૨૦ હજારની કિંમતનો મોબાઈલ હતો. ૧૦૮ ના પાયલોટ ગોપાલ ડાંગર અને ઈ.એમ.ટી. ના સભ્ય કિશનભાઇ રાજાણીએ આ તમામ વસ્તુ તેમના પરિવાજનોને બોલાવી પરત કરી માનવતાના દર્શન કરાવ્યા હતા.

આશરે રૂ. ૬૮ હજારનો કિંમતી સામાન પરત મળતા તેમના પરિવારજનોએ ૧૦૮ ની ટીમનો આભાર માન્યો હતો. આ પ્રસંગે ૧૦૮ ના પ્રોજેક્ટ મેનેજર મિલન પટેલ તેમજ વિરલ ભટ્ટે ૧૦૮ ની ટીમને બિરદાવી હતી.

### રાજકોટ સિવિલ હોસ્પિટલે સ્થાપ્યો નવો રેકોર્ડ

# ૫૦૦ થી વધુ મ્યુકરમાયકોસીસના દર્દીઓની સર્જરી




સતત ૧૨ કલાક ૫ ઓપરેશન થિએટરમાં કરાતી રોજની ૨૦ થી વધુ સર્જરી, નવા કેસમાં સતત ઘટાડો, ૬૦ જેટલા દર્દીઓને રજા અપાઈ, ૩૦૦થી વધુ દર્દીઓ ઓપરેશન બાદ સમરસ ખાતે ઓબ્જર્વેશન હેઠળ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૧૪

રાજકોટ માટે ગૌરવની વાત છે કે તા. ૧૨ મી જૂને રાજકોટ સિવિલ દ્વારા છેલ્લા ૨ માસમાં કુલ મળી મ્યુકોર માયકોસીસના ૫૦૭ દર્દીઓની સર્જરી કરી એક નવો જ રેકોર્ડ સર્જ્યો હોવાનું અને સિવિલની હિસ્ટ્રીમાં આટલા ઓપરેશન્સ આટલા ટૂંકા ગાળામાં ક્યારેય પણ થયા નહી હોવાનુ ઈ.એન.ટી. સર્જન ડો. સેજલ મિસ્ત્રી જણાવ્યું છે.

કોરોનાની બીજી લહેરના અંતમાં મ્યુકોર માયકોસીસના કેસની લહેર આવતા એક સાથે અનેક દર્દીઓ સિવિલ હોસ્પિટલ ખાતે સારવાર્થે આવતા અમારા માટે તેમને વહેલી તકે નિદાન, સારવાર અને સર્જરી કરવી એ ખુબ જ મોટી ચેલેન્જ હતી, પરંતુ સિવિલ અધિક્ષક આર.એસ. ત્રિવેદીના માર્ગદર્શન હેઠળ ડોક્ટર્સ, નર્સિંગ સ્ટાફ અને જરૂરી ટેક્નિકલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઉભું કરી અમે આટલી મોટી સંખ્યામાં સફળતાપૂર્વક દર્દીઓની સારસંભાળ રાખી શક્યાનું ડો. સેજલએ જણાવ્યું છે. રાજકોટ સિવિલના ઈ.એન.ટી. વિભાગમાં ૫ ઓપરેશન થિએટરમાં સવારના ૮:૩૦ થી રાત્રીના ૮:૩૦ દરમ્યાન ૧૨ કલાકમા રોજની ૨૦ જેટલી સર્જરી કરવામાં આવે છે. જેમાં ઈ.એન.ટી. ડોક્ટર્સ ડો. સેજલ, ડો. પરેશ ખાવડુ તેમજ ડો. સંદીપ વાછાણીની આગેવાનીમાં સિનિયર રેસિડન્ટ ડોક્ટર્સ, જરૂર મુજબ આંખના અને દાંતના ડોક્ટર્સ અને ખાસ તો એન્સ્થેટિકની ટીમનો ખુબ અગત્યનો રોલ હોઈ છે.

હાલ ૬૦ જેટલા દર્દીઓ બિલકુલ સાજા થઈ તેમને રજા આપવામાં આવી હોવાનું તેમજ ૩૦૦ થી વધુ દર્દીઓને ઓપરેશન બાદ સમરસ ખાતે ઓબ્જર્વેશન હેઠળ રખાયા હોવાનુ ડો. સેજલ મિસ્ત્રીએ જણાવ્યું છે.(૧.૫)

### રાજકોટ એન્જનીયરીંગ એસોસિએશન દ્વારા

# આજી જી.આઈ.ડી.સી. વિસ્તારમાં વેકિસન કેમ્પ યોજાયો



(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ,તા.૧૪

કોરોના વેક્સિનેશનની કામગીરી ખુબ જ ઝડપે આગળ વધે તે માટે વિવિધ ક્ષેત્રે કોરોના પ્રતિરોધક મુકવા માટે રસીકરણ કેમ્પના આયોજન કરવામાં આવે છે. રાજકોટ શહેરની વિવિધ ઈન્ડસ્ટ્રીઝ ઝોન ખાતે એન્જીનીયરીંગ એસોસિએશનના સહયોગથી કારીગર અને શ્રમિકોને કોરોના સામેની રસી આપી પોતાને અને પોતાના પરિવારને સુરક્ષિત કરવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી જેમાં આજે આજી જી.આઈ.ડી.સી. વિસ્તારમાં વિવિધ ઇન્ડસ્ટ્રીના ૧૮ થી ૪૪ વર્ષના ૩૦૦ થી વધારે વર્કરોને ઓનલાઈન અપોઈન્ટમેન્ટ સ્લોટ બુક કરાવી વેક્સીન આપવામાં આવી હતી.

એન્જિનિયરિંગ એસોસિયેશન દ્વારા ઇન્ડસ્ટ્રી વર્કર માટે ઓનલાઈન એપોઇન્ટમેન્ટ બુક કરાવી ૧૮ થી ૪૪ વર્ષના વર્કરોનું વેક્સિનેશન કરવામાં આવેલ છે. આ નવા અભિગમમાં એન્જિનિયરિંગ એસોસિએશનના પ્રેસિડેન્ટ પરેશભાઈ વસાણી, સેક્રેટરી નરેન્દ્રભાઈ પાણી તથા ડિરેક્ટર મહેશભાઈ વરસાણીના સહકાર અને રાજકોટ મહાનગરપાલિકાની આરોગ્ય શાખાના સહયોગથી વિવિધ ઇન્ડસ્ટ્રીના ૩૦૦થી વધારે વર્કરોનું કોરોના વેક્સિનેશન કરવામાં આવ્યું હતું. આ કામગીરી રેસકોર્ષ સદર આરોગ્ય કેન્દ્રના ડોક્ટર ચાર્મીબેન તથા ચંપકભાઇ વોરા આરોગ્ય કેન્દ્રના ડોક્ટર મનાલ ધોળકિયા તથા તેમની મેડિકલ ટીમ દ્વારા કરવામાં આવ્યું હતું.

### ૩૦૦ થી વધારે વર્કરોનું રસીકરણ થયું

## શહેર 'આપ' નું માળખું જાહેર કરતા લોખીલ, પટેલ ઉપપ્રમુખ, સંગઠન મંત્રી સહિતના હોદ્દેદારોની વરણી કરાઈ

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)** રાજકોટ, તા.૧૪: 'આપ' ગુજરાત સંગઠન મંત્રી અજીતભાઈ લોખીલ અને શહેર પ્રમુખ શિવલાલ પટેલએ નવા વરાયેલા હોદ્દેદારોને અભિનંદન પાઠવ્યા છે. ઉપપ્રમુખ, સંગઠન મહામંત્રી, મંત્રી, સહ-મંત્રી, ખજાનચી, યુવા પ્રમુખ, લીગલ સેલ પ્રમુખ, ડોક્ટર સેલ વેસ્ટ, ઇસ્ટ, સેન્ટ્રલ ઝોન પ્રભારી સહિતનાં હોદ્દાઓની જાહેરાત કરી છે.

# NSUIની કાજુ-બદામ આપી ૫૦% ફી માફી આપવા માંગ

## ઓનલાઈન શિક્ષણ હોવા છતાં પણ પૂરતી ફી ભરી હતી, હવે ૫૦% ફી માફી સાથે અનોખો વિરોધ કરતા એન.એસ.યુ.આઈના પ્રમુખ રોહિત રાજપૂત સહિતના કાર્યકરો



**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ તા ૧૪

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંલગ્ન કોલેજોમાં છેલ્લા એક વર્ષથી ઓનલાઇન શિક્ષણ ચાલી રહ્યું છે અને આ મહામારીની પરિસ્થિતિ દરમિયાન ઘણા વાલીઓની નોકરી, ધંધામાં મુશ્કેલી થવા પામી છે. જેને ધ્યાનમાં રાખી રાજકોટ જિલ્લા NSUI દ્વારા આજે સૌરાષ્ટ્ર યુનિવર્સિટી ખાતે ઉપકુલપતિને કાજુ-બદામ આપી ૫૦% ફી માફી આપવા માટે માંગ સાથે ઉગ્ર વિરોધ નોંધાવવામાં આવ્યો હતો.

રાજકોટ જિલ્લા NSUIના પ્રમુખ રોહિત રાજપૂતે જણાવ્યું હતુ કે, છેલ્લા એક વર્ષથી કોલેજોમાં ઓનલાઇન શિક્ષણ ચાલી રહ્યું છે. આ કોરોનાની મહામારી દરમિયાન ઘણા વાલીઓના નોકરી ધંધા પર આર્થીક અસર પહોંચી છે. જેના કારણે ૫૦% ફી માફી કોલેજો દ્વારા આપવી જોઇએ. આ સાથે તેઓએ આક્ષેપ કરતા વધુમાં જણાવ્યું હતુ કે, સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના સેનેટ અને સિન્ડિકેટ સભ્યો કોલેજો સાથે પ્રત્યેક્ષ કે પરોક્ષ રીતે જોડાયેલ છે તો સાથે મળી વિદ્યાર્થી અને વાલીઓને સહયોગ કરવો જોઇએ.જો કે હજી સુધી રાજ્યની એક પણ યુનિવર્સિટીએ કોઈ પણ જાતની ફી આપી નથી. માત્ર ઓનલાઈન શિક્ષણ ચાલુ છે. મોટાભાગનું મેરીટબેઝ પ્રમોશમ મળવાથી પરીક્ષાઓ પણ નથી લેવાઈ છતાં પણ સંપૂર્ણ કોલેજ ફી ભરી હતી. યુનિવર્સિટીના સત્તાધીશોની યાદશક્તિ વધે તે અર્થે NSUIએ

(અનુ.પાના નં.૪ ઉપર)

### ટૂંક સમયમાં નિર્ણય જાહેર કરવામાં આવશે– ઉપકુલપતિ

તો આ સાથે ઉપકુલપતિ ડો. વિજય દેસાણીએ જણાવ્યું હતું કે, કોરોનાકાળમાં કોઈ વિદ્યાર્થીના માતા-પિતા કે ઘરના મુખ્ય કમાનાર વ્યક્તિનું અવસાન થયું હશે તો તેને સંપૂર્ણ ફી માફી આપવા અંગે નિર્ણય કરવામાં આવશે. આ સાથે પીજીની બાકી રહેતી પરીક્ષાઓ ઓનલાઇન લેવી કે કેમ તે અંગે ચર્ચા કરવામાં આવી રહી છે. જે પણ ટૂંક સમયમાં નિર્ણય જાહેર કરવામાં આવશે.

# રાજકોટવાસીઓ કોરોનાના ત્રીજા વેવને સામેથી બોલાવી રહયા છે!

## રવિવારે શહેરભરમાં જોવા મળેલા બેફામ ગીરદીના દ્રશ્યો આંચકાજનક, શું એમ્યુલન્સની ચીચીયારીઓ, સ્મશાનોમાં મૃતદેહોના ખડકલા ભુલાઇ ગયા?, એક જનાજાની પાછળ બીજો, એક સ્મશાન યાત્રાની પાછળ બીજી વીસરાઇ ગયાં?






(તસવીરઃ પંકજ ડાભી)

રાજકોટ : શહેર રંગીલુ અને ફરવાની ટેવ ધરાવતું એક અવું શહેર છે જેને કોઇપણ સંજોગોમાં રજાના દિવસોમાં ઘરે રહેવાનું ગમતું નથી. આ શહેરનું રંગીલા પણું અને બિદાસ્ત જીવન શૈલી હવે આપણને ખુબ જ જોખમ ભણી ધકેલી રહયા હોય એવું દેખાય છે. રાજકોટીયનો કોઇ રીતે વાત સમજવા માંગતા નથી. કોરોના મહામારીનું આક્રમણ થયું તેને બહુ જ ઝાઝા દિવસો થયા નથી. આપણે દર પાંચ મીનીટે આપણા માર્ગો પરથી ચીચીયારીઓ નાખતી પસાર થતી એમ્બયુલન્સોની હારમાળા જોઇ છે. પણ રાજકોટ વાળા ભુલી ગયા છે? સ્મશાનો અને કબ્બરસ્તાનોમાં અંતિમવિધિ અને દફનવિધિ માટે રાહ જોતા મૃતદેહોની કતાર એ બહુ જુના ભુતકાળની વાત નથી. હજુ માનસ પટ પર એ કરૂણ અને ગંભીર દ્રશ્યો પસાર થાય છ. પણ રાજકોટવાસીઓ એ પણ ભુલી ગયા છ. એમને તો કોઇ રવિવાર કોરો જવા દેવો નથી. હોટેલોમાં ટોળે વળવું છે, રેસ્ટોરામાં બેફામ ગીરદી કરી નાખવી છે, રેસકોર્ષમાં બનાવેલી તમામ ખુરશીઓ બસવાનો લહાવો રવિવારે જ લેવાનો છે. આટલી બધી બદરકાર જનતા વિશ્વમાં બીજે કયાંય જોવા નહીં મળે માત્ર પોતાના આનંદના સ્વાર્થી ખાબોચીયામાં ધુબાકા મારવાની આ કુટેવ અન્ય અનેકને ભારે પડે છે એ રાજકોટવાસીઓ ભુલી ન જાય. હજુ આપણ કોરોનાના ભયમાંથી સંપુર્ણ પણે મુકત થયા નથી. આપણા આરોગ્ય કર્મીઓ, પોલીસ કર્મીઓ, અન્ય સરકારી જવાબદાર વિભાગના કર્મીઓ સહિતના કોરોના યોધ્ધાઓ હજુ અવિરત સંઘર્ષ કરી રહયા છે ત્યાર આપણે હજારો કોરોના યોધ્ધાઓની મહેનત અને પુરૂષાર્થને આવી ગફલત ભરી જીવનશૈલી અપનાવીને નિષ્ફળ બનાવી શકીએ નહીં. રાજકોટવાસીઓ કયારે જવાબદાર બનશે? સેંકડો મૃતદેહો, જનાજા અને ઠાઠડીઓની હારમાળા જોઇને પણ આપણે સુધરવાનું નામ લેતા નથી. આ બહુ મોટી કમનસીબી છે. પોતાનું નહીં પણ શહેરનું પણ વિચારો અને આવી રીતે બેફામ ટોળે વળવાનું બંધ કરો તેમજ સમગ્ર સમાજનું હિત સમાયેલું છે.

# ગુજરાતમાં કલાસીસો ક્યારે અનલોક થશેઃ એફ.એ.એ

## ૧૫ માસ સુધી કલાસીસો બંધ રહેતા શિક્ષકોને લારી કાઢવાનો વારો આવ્યો, હવે કલાસીસ સંચાલકોને રાહત પેકેજ આપવા માંગ

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ, તા.૧૪

ગુજરાત ફેડરેશન ઓફ એેકેડમી એસોસિયેશન (ત્રઅઅ), ગુજરાતના ૨૬ જિલ્લા અને ૧૫૦ થી વધારે તાલુકાને જોડીને બનેલું સંગઠન છે. ત્રઅઅ ના હોદેદારી વિજયભાઈ મારૂ, પ્રકાશ કરમચંદની સેકેટરી, નિકુંજ ચનાભટ્ટી, હાર્દિક ચંદારાણાની યાદીમાં જણાવ્યા પ્રમાણે આજે કોચિંગ સંચાલકો, શિક્ષકો, વિદ્યાર્થીઓ અને વાલીઓના પડતર પ્રશ્નોને વાચા આપવા મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીને રજુઆત કરીએ છીએ. કોરોના હવે ઘણો કાબુમાં આવી ગયો છે, મૃત્યુદર શૂન્ય છે અને કેસીસ નહિવત આવે છે, વાલીઓ અને વિદ્યાર્થીઓ પણ સહમત છે. છતાં જેમ બધા વેપાર-ધંધા- વ્યવસાય ખુલી ગયા. મંદિર, મસ્જિદ, ચર્ચ, જિમ, સ્વિમિંગ પૂલ, થિયેટર, તો ક્લાસીસ કેમ નહીં? પૂરા ગુજરાતમાં એક લાખથી વધારે નાના- મોટા ક્લાસીસ ચાલતા હતા. જેની સાથે ૧૦ થી ૧૫ લાખ શિક્ષકો અને તેના પરિવાર જોડાયેલા છે. હજી પણ ૧૫-૧૫ મહિના બાદ પણ કલાસીસ ચાલુ ન થતા આ શિક્ષકોનાં પરિવારનું શું? કેટલાક શિક્ષકોએ તો શિક્ષણ છોડી શાક-બકાલું, પાણી-પૂરી, રગડા-પેટીશની લારી કન્વાનો વારો આવ્યો છે એ એક શિક્ષણ માટે કેટલી હદે યોગ્ય છે. હજુ પણ સરકારએ આ બાબત ઉપર ધ્યાન ન આપ્યું, તો ઘણા શિક્ષકોને આત્મહત્યા કરવાનો વારો આવશે. પરિવારની આર્થિક હાલત કફોડી બનતા કેટલાક શિક્ષકોએ તો આત્મહત્યા કરી લીધી છે અને કેટલાક કરવાનઈ કગાર પર છે. આવા શિક્ષકો અને સંચાલકો માટે કોઈ સર્જરી રાહત પેકેજ કેમ નહીં? શું શિક્ષકોને સમાજ ઘડતરમાં બહોળો ફાળો નથી? શિક્ષકોને સંચાલકોને ન્યાય કયારે મળશે? કલાસીસ ખોલવાની સાથે-સાથે પ્રોપર્ટી ટેક્સ માફ કરવા, લાઈટ બિલમાં રાહત આપવા અને કલાસીસ સંચાલકોને માટે સાત પેકેજ આપવા પણ સરકારશ્રીને અમે વિનંતી કરીએ છીએ. ગુજરાત સરકારે કોચિંગ કલાસ અને સ્કૂલ વચ્ચેનો તફાવત સમજવાની જરૂર છે કારણ કે, કલાસીસમાં માત્ર ૧૦-૧૫-૨૦ વિદ્યાર્થીઓ હોય છે સ્કૂલની જેમ ૪૦-૬૦ નહીં. જેથી સોશિયલ ડીસ્ટન્સ શક્ય છે. અલગ-અલગ વર્ગ અલગ-અલગ સમયે આવે છે. એક સાથે સ્કૂલની જેમ ૧૦૦૦-૨૦૦૦ વિદ્યાર્થીઓ આવતા નથી કે હોતા પણ નથી. કલાસીસમાં બાળકો પોતાની પસંદગીથી કંઇક વધારે સારું

(અનુ.પાના નં.૪ ઉપર)

# મહંત આપઘાત કેસઃ પુરાવાનો નાશ અને કાવતરાની કલમનો ઉમેરો

## મહંતનાં મૃત્ય પહેલા વકીલ રક્ષિત કલોલાને સ્યુસાઈડ નોટનો ફોટો વોટ્સઅપ કરવામાં આવ્યો હતો મેડીકલ ઓફીસર સહીત ત્રણ તબીબોએ મૃત્યુનું ખોટું સર્ટી આપી મદદગારી કરી

**(સૌરાષ્ટ્ર ક્રાંતી પ્રતિનિધિ-રાજકોટ)**
રાજકોટ તા.૧૪

મોરબી રોડપર આવેલા કાગદડી ગામે ખોડીયાર ધામ આશ્રમનાં મહંતનાં આપઘાત પ્રકરણમાં પોલીસે તપાસ કરી વકીલ સહિતના શખ્સો સાથે પુરાવાનો નાસ અને કાવતરૂ ઘડવા અંગેની કલમનો ઉમેરો કરી વધુ તપાસ હાથ ધરી છે. આ અંગેની વિગત મુજબ કાગદડી ગામે ખોડીયારધામ આશ્રમના મહંત જયરામદાસ ગુરુપ્રેમદાસ બાપુએ ગઈ તા.૦૧/૦૬ નાં રોજ આત્મહત્યા કરી લીધી હોય જે બાબતે આશ્રમના ટ્રસ્ટી રામજીભાઈ જેશાભાઈ લીંબાસીયાએ કુવાડવા પોલીસમાં ફરિયાદ નોંધાવતા પોલીસે અલ્પેશ પ્રતાપ સોલંકી (રહે.પેઢાંવાળા), હિતેશ લખમણ જાદવ (રહે.પેધાવાળા) તથા વિક્રમ દેવજી સોરડા (રહે.રાજકોટ) સહિતના શખ્સો સામે મહંતને આપઘાતની ફરજ પાડી હોવાની ફરયાદ નોંધાવી હતી.

જયરામદાસ બાપુનાં મોત પાછળ શંકાસ્પદ ભુમિકા હોય તેઓની ઉંડાણ પૂર્વક વધુમાં વધુ પુરાવા મેળવા માટે એ.સી.પી. ઉત્તર વિભાગ એસ.આર.ટંડેલ તથા એ.સી.પી. ક્રાઇમ ડી.વી.બસીયાનાં સિધ્ધા માર્ગદર્શન હેઠળ તપાસ કરવામાં આવતા બનાવ સ્થળે તથા આશ્રમમાં રહેતા સેવકો તથા લાગતા વળગતાઓની ઉંડાણ પૂર્વક તપાસ કરવામાં આવેલ અને નિવેદનો લેવામાં આવેલ છે.તેમજ આશ્રમનાં સી.સી.ટી.વી. ફુટેજ મેળવવામાં આવેલ તેમજ કોલ ડીટેઇલ આધારે પણ તપાસ કરવામાં આવેલ તેમજ એફ.એસ.એલ.ની મદદ લેવામાં આવેલ અને વૈજ્ઞાનીકઢબે પણ તપાસ કરવામાં આવેલ છે.

તપાસ દરમ્યાન અમુક વ્યકિતની શંકાસ્પદ ભુમિકા જણાયેલ જેથી તે આધારે તપાસ કરતા અને સાધુજયરામદાસબાપુ જેની લાશ તા.૧/૦૬/૨૦૨૧નાં રોજ સવારે સાડા દશ વાગ્યાની આસપાસ કાગદડી આશ્રમથી એક એમ્બ્યુલન્સમાં

(અનુ.પાના નં.૪ ઉપર)

## ઈશ્વરીયા પાર્ક ખાતે નવનિર્માળ પામતું

# સાયન્સ સેન્ટર ડિસેમ્બરથી શરૂ

## ઈશ્વરીયા પાર્ક હાલમાં બંધ રાખવાનો તંત્રનો નિર્ણય

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ, તા.૧૪

શહેરની ભાગોળે આવેલ ઈશ્વરીયા પાર્ક છેલ્લા ઘણા સમયથી કોરોનાને લીધે બંધ રાખવામાં આવ્યું હતું. હાલમાં અનલોકની પ્રક્રિયા થતા બાગ-બગીચા ખુલ્લા મુકવામાં આવ્યા છે. પણ ઈશ્વરીયા પાર્ક હાલમાં બંધ જ રાખવામાં આવશે. તેવો તંત્ર દ્વાર નિર્ણય કરવામાં આવ્યો છે. ઉપરાંત ઈશ્વરીયા પાર્ક પાસે નવનિર્માળ પામતું સાઈન્સ સેન્ટર ડિસેમ્બરથી ખુલ્લું મુકવામાં આવનાર છે. કામ વધુ ઝડપી બનાવીને તે શરુ કરવામાં આવશે. હાલમાં કોરોનાના કેસમાં મોટો ધડાકો થયો છે. પણ નિષ્ણાંતો દ્વારા ત્રીજી લહેરની શકયતાઓ જણાઈ રહી છે. ત્યારે તંત્ર દ્વારા અનેક આગોતરા આયોજનો કરવામાં આવી રહ્યા છે. તે અનુસંધાને આજે સિવિલ ખાતે ઓકિસજન માટે બેઠક યોજાશે. ઉપરાંત ઈશ્વરીયા પ્રોજેક્ટ સાથે જોડાયેલા તમામ અધિકારીઓને વારાફરતી બોલાવામાં પણ આવ્યા છે. કામગીરીની સમીક્ષા કરવામાં આવી હતી. કોરોનાની ત્રીજી લહેરમાં સિવિલ હોસ્પિટલમાં લાઈનો ઘટાડવા માટે સમરસ અને કેન્સર હોસ્પિટલમાં વ્યવસ્થા ઉભી કરવનું નક્કી કરાયું છે અને ત્યાંજ દર્દીઓને સીધા દાખલ કરવામાં આવશે. કોરોનાની ત્રીજી લહેર સામે લડત આપવા માટે સમરસ હોસ્ટેલમાં ૫૦ બેડનું આઈ.સી.યુ, વેન્ટીલેટર સાથે તૈયાર કરવામાં પણ આવી રહ્યું છે.

**સોનલ કેટરર્સ**



શુધ્ધ, સાત્વિક ભોજન ટીફીન સર્વિસ
બપોરે તેમજ સાંજે ટીફીન મોકલી આપશું.
૬ રોટલી, દાળ-ભાત, શાક, છાશ, સલાડ
સંપર્કઃ મો.૯૮૨૪૮ ૦૦૨૫૯, ૯૬૮૭૪ ૫૯૧૮૨, ૯૯૯૮૬ ૧૧૧૭૮
લગ્ન પ્રસંગે કેટરર્સ સુવિધા આપીશું.
સોનલ પાઉંભાજી, આસ્થા ચોક, રેલનગર, રાજકોટ.

# રાજકોટમાં આજે ૨ દર્દીના મોત, બપોર સુધીમાં ૫ કેસ



**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ, તા.૧૪

રાજકોટમાં કોરોનાના કેસની સંખ્યા ઘટીને ૫૦ નીચે આવતી રહી છે. આજે બપોર સુધીમાં ૫ કેસ નોંધાયા છે. ૨૪ કલાકમાં રાજકોટમાં ૨ દર્દીના મોત થયા છે. કુલ કેસની સંખ્યા ૪૨૫૨૦ પર પહોંચી છે. તેમજ અલગ અલગ હોસ્પિટલમાં ૬૯૧ દર્દી સારવાર હેઠળ છે. શહેરમાં વેક્સિનેશનને વેગ આપવા માટે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની ૨૦ કોલેજોમાં આગામી સમયમાં રસીકરણ કેન્દ્ર શરૂ કરવામાં આવશે. રાજકોટ શહેરમાં બપોરે ૧ વાગ્યા સુધીમાં કુલ ૩૭૫૦ લોકોએ કોરોના વેક્સિન લીધી છે.

**પ્રથમ માસિક પૂણ્યતિથીએ શ્રદ્ધાસુમન**



સ્વ. વિનોદભાઈ લાલજીભાઈ લાંઘણોજા
સ્વ.૧૪-૫-૨૦૨૧ વિ.સં.-૨૦૭૭
વૈશાખ સુદ-૩ ને શુક્રવાર

શૂન્યમાંથી સર્જન કરી કુટુંબ માટે ફુલો પાથરી ગયા, જીવન એવું જીવી ગયા કે સૌના પથદર્શક બની ગયા, દુઃખને દેખાડ્યું નહીં, સુખને છલકાવ્યુ નહીં, જીવનભર મહેનત કરી પરિવારનું ભલુ કર્યું.

પરમ કૃપાળુ પરમાત્મા આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એ જ પ્રાર્થના...

લી.

રાજેશભાઈ ભાઈલાલભાઈ સુરાણી (સાળા)
સુનિલભાઈ ભાઈલાલભાઈ સુરાણી (સાળા)
શિવમ રાજેશભાઈ સુરાણી
માનવ સુનિલભાઈ સુરાણી

SAURASHTRA KRANTI (DAILY EVENING) Editor, Printer Publisher & Owner : GADHAVI ASHOK MULUBHA, Place of Publication : SAURASHTRA KRANTI KARYALAYA 125, STAR CHAMBER, HARIHAR CHOWK, PANCHNATH PLOT, RAJKOT-360001,ph.No.(0281) 2222306 Printed at: SAURASHTRA PRINTERY, PRAYAG INDUSTRIES PARK, RUDANAGAR, ANANDPAR (NAVAGAM) DIST. RAJKOT-360003 GUJARAT.